સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ



દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૮ ● અંક - ૩ ● માર્ચ ૨૦૨૪ ● છૂટક પ્રત રૂા. ૧૦/-

આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)

-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ



સ્વ. રેવાભાઈ નાયી



સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
**ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

SHREE GUJARAT VALAND S
10787086@cbin

**દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ**

નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.
નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.

# ગુજરાત વાળંદ સેવા સંઘનું ગૌરવશાળી દાતા દંપતિ



**શ્રી સુરેશભાઈ જીવણલાલ શર્મા • શ્રીમતિ દક્ષાબેન સુરેશભાઈ શર્મા**

**ગુજરાત વાળંદ સેવા સંઘ દ્વારા નિર્માણાધીન નવીન બહુમાળી ભવનના બાંધકામ પેટે અત્યાર સુધીમાં સંઘને રૂા. સીત્તેર લાખ ઉપરાંત માતબર દાન આપનાર/અપાવનાર શિરમોર ભાગ્યશાળી દાતા પરિવારને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.**

શ્રી સુરેશભાઈ જે. શર્મા ઓડ, જિ. આણંદના વતની છે. અમદાવાદ ખાતે તેમનો જન્મ થયેલ. હાલ ૭૪ વર્ષીય શ્રી સુરેશભાઈ સને ૧૯૬૮માં ટેક્ષટાઈલ મશીન પાર્ટસના ધંધામાં પિતાશ્રી જીવણલાલ શર્મા અને બે મોટાભાઈ શ્રી બિપીનભાઈ તથા શ્રી અરવિંદભાઈ જે. શર્મા સાથે જોડાયા. શ્રી સુરેશભાઈ જે. શર્માનું ડાકોર ખાતેની આપણી જ્ઞાતિની ધર્મશાળામાં મોટું યોગદાન છે. ગુજરાત વાળંદ સેવા સંઘના દાતા તરીકે પણ તેમના નામથી ગુજરાત વાળંદ સેવા સંઘની સાથે સંકળાયેલ કોઈપણ વ્યક્તિ ભાગ્યે જ અપરિચિત હશે. સ્વભાવે ગુણિયલ, સૌમ્ય, વ્યવહારકુશળ, વિવેકી અને મિતભાષી એવા શ્રી સુરેશભાઈ શર્માને આ સંસ્થા પ્રત્યે વર્ષોથી લગાવ છે. સંઘના દરેક કાર્યકાળમાં જે પણ વહીવટકર્તાશ્રીઓ હોય તેમની સાથે સુમેળભર્યા સંબંધો જાળવી હર સમયે સંઘનું નિર્માણકાર્ય હોય કે વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ કરતા છાત્રોના ભોજન કે પછી જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન એમ હર પ્રકારે મદદનો હાથ હંમેશાં ફેલાવી આ સંસ્થાની પ્રવૃત્તિઓમાં સહયોગી બનતા રહ્યા છે. આમાં કેળવણી પ્રોત્સાહન પેટે તેમના માતા-પિતાના સ્મારક ફંટ પેટે કાયમી ધોરણે રૂપિયા પાંચ લાખનું દાન, લગભગ આઠ વર્ષ સુધી છાત્રાલયના વિદ્યાર્થીઓને સવારના નાસ્તામાં રૂપિયા પાંચ હજારની રકમનું કઠોળ દર મહિને મોકલતા રહેલ છે. હાલ સંઘના ન્યુ બિલ્ડીંગ પ્રોજેક્ટના બાંધકામમાં ખૂબ દાન આપ્યું-અપાવ્યું છે. શ્રી સુરેશભાઈ શર્માના ધર્મપત્ની દક્ષાબેન પણ ગુ.વા.સેવાસંઘના શરૂઆતના દાતા ડી. એલ. મિસ્ત્રી-યુગાન્ડાવાળાના દોહિત્રી છે.

શ્રી સુરેશભાઈ જે. શર્મા, પોતાના સ્વાશ્રયી અને ઉદ્યમશીલ પ્રયત્નો થકી સ્વબળે પોતાના વ્યવસાયક્ષેત્રમાં આગેકૂચ કરી પ્રગતિ હાંસલ કરી શક્યા છે. આપણા સમાજમાં મોટા ગજાના ઉદ્યોગપતિનું સ્થાન શોભાવતા હોવા છતાં પ્રસિદ્ધિ કે પ્રશસ્તિથી જોજનો દૂર રહે છે, કોઈ દિવસ આખું છાત્રાલય પણ અંદરથી જોયું નથી. તેમના નમ્રતાસભર, સાલસ અને નિરંહકારી સ્વભાવની તેમના પરિચયમાં આવનાર હર કોઈ વ્યક્તિને પહેચાન થયા વગર રહે નહિ. સમાજની ભાવિ પેઢી માટે ધરોહર બની રહેનાર ગુજરાત વાળંદ સેવા સંઘના બહુમાળી ભવનના આ ભગીરથ સોપાનના સ્વપ્નને સાકાર કરવા, સંસ્થા માટે શક્ય તે તમામ રીતે ઘસાઈ છૂટવાની તેમની ઉદાત્ત ભાવનાનાં હંમેશાં દર્શન થાય છે.

ગુજરાત વાળંદ સેવા સંઘમાં ગૌરવશાળી દાતા દંપતિનો સહયોગ સુવર્ણાક્ષરે અંકિત થઈ રહેલ છે. આ સન્માનનીય દંપતિને ખૂબ ખૂબ શુભકામનાઓ. તેમના થકી લાંબા સમય સુધી સમાજની સેવા થતી રહે તેવું નિરામય સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ પરમેશ્વર તેમને બક્ષે તેવી મંગળકામનાઓ.

**વિપુલભાઈ વી. દલાલ, પ્રમુખ, ગુ.વા.સેવા સંઘ**     **ભાનુભાઈ એન. વૈદ્ય, મંત્રી, ગુ.વા.સેવા સંઘ**

**તથા ગુજરાત વાળંદ સેવા સંઘ પરિવાર**

**- સંકલન : મુકેશભાઈ પી. નાયી, ચેરમેન, ટ્રસ્ટી**

# અભિનંદન





## કર્ણવ રિતેષભાઈ પારેખ
### (અમદાવાદ લિમ્બચિયા જ્ઞાતિ)

કર્ણવ રિતેષભાઈ પારેખ જે રિતેષભાઈ રમેશચંદ્ર પારેખના પુત્ર છે અને ભરૂચના રહેવાસી છે. પરંતુ રિતેષભાઈની નોકરી કચ્છમાં હોઈ તે હાલમાં ભુજ શહેરમાં રહે છે. કર્ણવ ધોરણ પાંચમાં ભુજ શહેરમાં વાઈટ હાઉસ પબ્લીક સ્કૂલમાં ભણે છે. તેને નાનપણથી ડ્રોઈંગનો શોખ છે તેમજ અભ્યાસમાં પણ કુશળ હોઈ ધોરણ ચાર ૮૫ ટકા સાથે ઉત્તિર્ણ કરી ધોરણ પાંચમાં ભણે છે. તે ઉપરાંત રમતનો પણ શોખ હોઈ ભુજ શહેરમાં ફૂટબોલની ટ્રેનીંગ લઈ રહેલ છે. હાલમાં શહેરમાં રમાયેલ કચ્છ પ્રિમીયર લીગમાં રમતમાં ભાગ લઈને તેની ટીમ જે ચૌદ વર્ષની વય સુધીના બાળકોની હતી તેમાં પ્રથમ ક્રમાંકે આવીને ટ્રોફીનો હક્કદાર થયેલ છે. હાલમાં તે ધોરણ પાંચમાં ખંતપૂર્વક અભ્યાસ કરી રહ્યો છે. તેને ખૂબ ખૂબ અભિનંદન અને અમદાવાદ લિમ્બચિયા જ્ઞાતિનું ગૌરવ વધારે તે શુભેચ્છા.





રિતેષ રમેશભાઈ પારેખ
(બી.ઈ.કેમીકલ)

રમેશભાઈ આત્મારામ વાળંદ
(બી.ઈ.સીવીલ) કન્સલટન્ટ

# BIO-DATA

## PERSONAL DETAILS





| | | |
|---|---|---|
| Name | : | **Sneh Yagneshkumar Sharma** |
| Date of Birth | : | 7th March 1997 |
| Qualification | : | B.E. (Electrical Engineer)<br>From GCET College,<br>Vallabh Vidyanagar, Anand |
| Occupation | : | Manager at Reliance Industries Ltd.,<br>Jamnagar |
| Height | : | 5' 6" |
| Weight | : | 65 Kg. |
| Complexion | : | Fair |
| Hobbies | : | Watching Movies & Travelling |

## Family Details :

| | | |
|---|---|---|
| Father | : | Yagneshkumar Mohanlal Sharma |
| Occupation | : | Manager, Reliance Industries Ltd,<br>Hazira, Surat |
| Father Native | : | Vaso, Nadiad |
| Mother | : | Monaben Yagneshkumar Sharma |
| Occupation | : | Home Maker |
| Mother Native | : | Sojitra, Anand |
| Sister | : | Nishi Sharma (1st Year MSc IT) |
| Maternal Grand Father | : | Late Mukundbhai Manilal Parekh |
| Maternal Grand Mother | : | Kokilaben Mukundbhai Parekh |
| Address | : | 15, Shubham Raw House,<br>Opp. Pragati Nagar Appt.<br>Piplod, Surat, Pin No. 395007 |
| Communication Mobile | : | 9998007145 |

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)


: પ્રમુખ :

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

: મંત્રી :

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

: ઉપપ્રમુખ :

**શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

**શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

**શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

: સહમંત્રી :

**શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**શ્રી પ્રવિણકુમાર શીવરામભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૮૦૦૮૭૫૪

**શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)**
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

: કોષાધ્યક્ષ :

**શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

: અન્વેષક :

**શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)**
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

: શ્રી પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ :

**ચેરમેન : શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

**વા.ચેરમેન : શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

**મંત્રી : શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

: રેવાબા સાંસ્કૃતિક હૉલ :

**ચેરમેન : શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)**
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

**વાઈસ ચેરમેન : શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

**મંત્રી : શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

: અન્ય ટ્રસ્ટી મંડળ :

શ્રી સુરેશભાઈ જે. શર્મા (અમદાવાદ)
શ્રી નાનુભાઈ એમ. વાળંદ (અમદાવાદ)
શ્રી યોગેશભાઈ એન. પારેખ (ખંભાત)
શ્રી હરેશભાઈ એસ. પારેખ (સુરત)
શ્રી ડાહ્યાભાઈ વી. લિમ્બાચિયા (સંઘપુર)
શ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય (અમદાવાદ)
શ્રી ધર્મેન્દ્રભાઈ સી. નાયી
શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (પાટણ)
શ્રી બી. ટી. નાયી (પાલ્લા)

: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઇજનેરી પાંખ) :

ચેરમેન : શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી) • વા. ચેરમેન શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી) • એન્જિનીયર : શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચિયા મો. ૯૯૨૫૬૦૪૪૪૩

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હસમુખભાઈ આર. પારેખ

: હિસાબી-વહિવટી પાંખ :

શ્રી મફતભાઈ વી. પારેખ
શ્રી જયંતિભાઈ કે. લિમ્બાચિયા
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી
શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય

: એડવાઇઝરી કમિટિ :

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી બિપીનભાઈ આર. વાળંદ (ટીમ્બા, સુરત)
શ્રી ચૈતન્યભાઈ મહાવદિયા (અમદાવાદ)
શ્રી જીતુભાઈ ખરચરિયા (અમદાવાદ)

: પ્રચાર-પ્રસાર કમિટિ :

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી શશીભાઈ પારેખ (આણંદ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

# વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

પ્રકાશક : **શ્રી બાલુભાઈ બી. પારેખ**
મો. : ૯૪૨૮૫૦૩૨૯૧
તંત્રી : **શ્રી જયંતીભાઈ કે. લિમ્બાચીયા**
મો. : ૯૪૨૮૦૪૧૦૧૯
સહતંત્રી : **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**
મો. : ૯૪૨૬૩૯૧૩૦૨

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. નં. ૯૫૧૦૦૮૩૩૨૬ પર કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે તથા કાર્યાલયના ફોન નંબર ૦૭૯-૨૬૩૦૩૦૨૮ પર જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 200110100010827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |

**-: કાર્યાલય :-**
**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ
કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ,
અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮
www.valandsevasangh.org
Email : info@valandsevasangh.org


## મનને શાંત અને એકાગ્ર શી રીતે કરવું ?

મન ચંચળ છે. સામાન્ય રીતે માણસ ગમે તેટલો પ્રયાસ કરે તો પણ મનની ચંચળતા પર કાબુ નથી મેળવી શકાતો. કેટલીકવાર તો મનની ચંચળતાને લઈને ક્યાંક તકલીફોનો પણ સામનો કરવો પડતો હોય છે. આપણને ક્યારેક પ્રશ્ન થાય છે કે મનની ચંચળતાને વશમાં કરવા શું કરવું ?!

મનને શાંત અને એકાગ્ર કરવા માટે પ્રથમ તો સહેલામાં સહેલી પદ્ધતિ એ છે કે અણગમતા વિચારોથી આપણી જાતને મુક્ત કરવા કોઈ બીજી સાત્ત્વિક બાબતમાં મન પરોવી દેવું ને તેમાં જ ઓતપ્રોત રહેવું, પછી અણગમતા વિચારો એની મેળે ચાલ્યા જશે અને ધીરે ધીરે અણગમતા વિચારોનું જોર ઓછું થવા લાગતાં મન શાંત બનશે.

બીજું મનમાં કોઈ વિચારો સારા કે નરસા પ્રવેશે નહિ તે માટે વિચારોનો ત્યાગ કરી દેવાનો. જેમણે પોતાના મન પર કાબુ મેળવ્યો છે તેઓ આ પ્રકારે અણગમતા અને નકામા વિચારોને જેમ કોઈ સ્થૂળ વસ્તુને ખસેડીને બાજુ પર મૂકી દઈએ એ પ્રકારે બાજુ પર મૂકી દેવાનો મહાવરો કેળવે છે.

ત્રીજી પદ્ધતિ એ યોગિક પદ્ધતિ છે, જે અષ્ટાંગ યોગસૂત્રમાં મહર્ષિ પતંજલિએ આપેલ છે. માણસે પોતાની વર્તમાન પરિસ્થિતિમાંથી ઠેક ભરીને ઉર્ધ્વારોહણ કરવાનું છે અને આ ઉચ્ચ સ્થિતિમાં રહીને વિચારોને જોવાના છે, જ્ઞાતાદૃષ્ટાપણું કેળવી વિચારોને વ્યવસ્થિત કરવાના છે જેથી મનની ચેતના જ બદલાઈ જાય.

મનના ભ્રમણને અટકાવવા માટે જરૂરત છે એવા પ્રબળ સંકલ્પની કે જેમાં મનની દખલ બિલકુલ ચાલી શકે નહીં. આ કામ ખૂબ જ અઘરું છે. મનને ગમે તેટલું ચૂપ કે શાંત રહેવા વારીએ પણ ચંચળતાને લઈને વશ થતું નથી. યેનકેન પ્રકારેણ સમજાવીને વિચારેલું કાર્ય કરાવવા મજબૂર કરવા તરફ દોરે છે. પણ જો મન પર વિજય પ્રાપ્ત કરી. મક્કમતાથી મનના હસ્તક્ષેપને હરાવીને તેનું ધાર્યું ન થવા દેવાનું વલણ કેળવીશું તો તેના પર કાબુ પ્રાપ્ત થઈ શકશે.

અષ્ટાંગ યોગના યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિના તબક્કાથી વિચારશૂન્ય કે સમાધિસ્થ થવું કે હર સમય ધ્યાનમાં રહેવું અસંભવ જેવું છે. પરંતુ અશુભ કે અણગમતા વિચારો આવવા પર સઘન મહાવરાથી રોક લગાવી શુભ વિચારોથી ભરપૂર થઈ શકાય છે.

**- જય સચ્ચિદાનંદ**



## તંત્રીની કલમે

# જીવનઘડતરમાં વાંચનની મહત્તા

મનુષ્ય સામાજિક સહવાસી એટલે ગણાય છે કે એમાં નવરાશના સમયે એકબીજાની સંગત વિના રહી ન શકવાની ભાવનાત્મક ખાસિયત ધરાવતો હોવાની પરાપૂર્વથી ચાલી આવતી રૂઢિ અભિપ્રેત છે. સારા નરસા પ્રસંગે ભેગા થતી વેળાએ પરસ્પર આત્મીયતાસભર લાગણીની ભીનાશ તેમાં સાહજિકપણે જ ટપકતી હોવાનો અહેસાસ પહેલાં તો થયા વગર રહેતો નહિ. એકબીજાના ખબરઅંતર પૂછવામાં બિલકુલ સહજતા હોય, લાગણી હોય, હૃદયનો ઉમળકો હોય, ક્યાંય કશે કૃત્રિમતા નહીં, કેવળ સ્નેહ નીતરતી વાતો એ પણ મોકળાશભર્યા માહોલમાં થતી જોવા મળતી. જો કે આજની આ ભાગ-દોડવાળી અને તણાવયુક્ત જીવનશૈલીમાં આવી ભાવનાત્મકતામાં ક્યાંક ક્યાંક શુષ્કતા કે ઓટ વર્તાવા માંડી છે. સમયની પાબંદીવાળી યંત્રવત અને વ્યસ્ત જિંદગી વચ્ચે માણસ સ્વકેન્દ્રી બનતો જતો હોવાનું અને એકબીજાને મળવા જવાનો સમય કાઢવામાં ગૂંગળામણ અનુભવતો જોવાય છે. અરે ! વોટ્સએપ કે ઈ-મેઈલના માધ્યમથી મેસેજ મોકલી ચલાવી શકાતું હોય તો રૂબરૂ મળવાનું તો ઠીક પણ ટેલિફોનિક વાતચીત કરવા જેટલો સમય પણ ફાજલ કરાતો નથી. ઈન્ટરનેટના આટલી હદે વિસ્તરેલા અતિક્રમણે સામાજિક સંબંધો જાળવી રાખવાની પારંપારિક અસ્મિતા ફરતે ભરડો લીધો હોય - ઠેસ પહોંચાડી હોય એમ નથી લાગતું ? માનવું રહ્યું કે ટેલિવિઝન, વિડિયો, ઇન્ટરનેટ અને ઈવન વિડિયો કોન્ફરન્સ કે વર્ચ્યુઅલ સંદેશા જેવા માધ્યમોથી કાર્યક્ષમતા - ઝડપ વિગેરેમાં ચોક્કસ વધારો થયો છે. પરંતુ તેની સામે ચિંતાપ્રેરક બાબત એ છે કે માણસની વાંચનની ટેવ ઘટતાં વિચારશક્તિ-તર્કશક્તિનો હ્રાસ થવાનું પ્રતીત થાય છે. ખરેખર વાંચન તો વ્યક્તિની મનોદશામાં બદલાવ લાવી શકે એવી એની પ્રભાવશાળી ક્ષમતા છે.

આજના જમાનામાં સત્વશીલ વાંચનના અભાવે સમાજમાં દુરાચાર-અનાચાર-શિથિલાચારનું અનિષ્ટ વધી રહ્યું છે. સાત્વિક અને આસુરી વિચારોની ઘમાસાણ ખેંચાખેંચી વચ્ચે સત્વશીલ વિચારનો પ્રચાર-પ્રસાર થવો જોઈએ જે માટે જરૂર છે. સાત્વિક વાંચનની. જીવનમાં વાંચન એ રીઅલ ઇન્વેસ્ટમેન્ટ છે. વિખ્યાત શિક્ષણશાસ્ત્રી પુરુષોત્તમ માવલંકરના મતે વાંચન જીવનની તરાહનો દષ્ટિકોણ તથા સકારાત્મક અભિગમ વિકસાવે છે. કોઈ પણ સમસ્યા ઉદ્‌ભવે તેને કેવી રીતે હલ કરવામાં આવે છે તેનું અનુભવમાંથી નિપજતું કૌવત કેટલીકવાર વાંચનની ટેવને આભારી હોય છે.

વાંચનથી વિચારોમાં એકસૂત્રતા અને સાતત્ય આવે છે. વ્યક્તિમાં ગંભીરતા, સાહજિકતા નીખરે એટલું જ નહિ પણ વ્યાવહારિક સમજદારી અને પરિપક્વતા આવે. સારા પુસ્તકોના સંસર્ગ થકી સંવેદનશીલતા - સહિષ્ણુતા-ઋજુતા પ્રગટે છે. વાંચન દ્વારા વિવિધ જીવનરસો પોષાય છે. વાંચન માણસની અંદર ખેલદિલી, સૂઝબૂઝ, રમૂજદષ્ટિ કેળવે છે. તો સારા-નરસા પ્રસંગોને સમભાવે હળવાશથી લેવાનું શીખવે છે. ધ્યેય-આદર્શોમાં દૃઢતા આવે છે. વાંચન માણસના જ્ઞાન-વારસાને સમૃદ્ધ બનાવે છે. કોઈપણ દેશના લોકો નાગરિક તરીકે કેટલા સમજુ છે એનો સામાન્ય આંક તેઓનું કેટલા પ્રમાણમાં વાંચન છે તેના પરથી નીકળે. વાંચન મહાન બનાવે કે ન બનાવે પણ'A Gentleman with Thorough Sensible awareness'તો જરૂર બનાવે જ. સારા થવાની દિશામાં દોડવા તો ચોક્કસ પ્રેરે.

વાંચનની ટેવ નાનપણથી હોય તો જ અસરકારક બને. કમનસીબે હાલની શિક્ષણ તરાહમાં શિક્ષણનો અર્થ જે તે અભ્યાસક્રમ પૂરતો મર્યાદિત કે કુંઠિત થતો જોવા મળે છે. ગોખણિયા કે પોપટિયા જ્ઞાન થકી ઉચ્ચ અભ્યાસની ડિગ્રી સારી ટકાવારી સાથે મેળવી હોય છતાં જો વિવિધ ભાષાઓના લેખકો-કવિઓનાં ઉત્કૃષ્ટ સાહિત્યિકસર્જનોથી અજાણ હોય, ગાંધીજી વિષે દશ વાક્યો પણ બોલી શકે એમ ન હોય કે નેલ્સન મંડેલાના સંઘર્ષ, વિનોબા ભાવેની ભૂદાન-ચળવળ કે સ્વામી વિવેકાનંદના જીવનકથન વિષે કંઈ જાણકારી ન હોય તો એ ડિગ્રીધારીને કઈ કેટગરીમાં મૂકાય ? શિક્ષિત અભણ ન કહેવાય ? આજનાં માબાપો અને શિક્ષકોએ

આ બાબતે ગંભીરતાથી વિચારવા જેવું છે. ખરેખર તો સંતાનમાં બાળપણથી જ વાંચન પ્રત્યે રૂચિ વધે તેવો માહોલ રચાવો જોઈએ જે માટે વાલી પોતે ઉદાહરણરૂપ બને તો ફરક પડે. સારાં અને જ્ઞાનવર્ધક પુસ્તકો વાંચો તો જીવનમાં આગળ ધપશો, આવું કહેવા કરતાં જો તેઓ પોતે પુસ્તક ખોલીને વાંચવાની ટેવ પાડી પછી સંત જ્ઞાનેશ્વરની જેમ ઉપદેશાત્મક સમજ આપે તો સંતાનો પર આપોઆપ અસરકારક દાખલો બેસે. શિક્ષણનું કામ માત્ર ડિગ્રી કે ટકાવારી મેળવવાની રેસ ઊભી કરવાનું ન હોવું જોઈએ. પણ વિદ્યાના ઉપાસકનું સર્વાંગી ઘડતર કરવાનું હોવું જોઈએ.

આજનો વિદ્યાર્થી પોતાના અભ્યાસની સાથે સાથે ઈતર-જાણકારી, રોજબરોજની ઘટનાઓ, અર્થવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા, જ્ઞાન-વિજ્ઞાનને લગતી માહિતીની જાણકારી મેળવી જમાનાની સાથે તાલમેલ રાખી શકે તેવો માહોલ ઊભો થાય તો ફર્ક પડવાનો જ છે. પોતાનાં સંતાનોના સ્માર્ટફોન, ટુ વ્હીલર કે લેપટોપ જેવા મોજશોખ ન પોષી શકાય તો ચાલે પણ અભ્યાસની સાથે ઈતર વાંચન અને સર્વાંગી વિકાસ માટે જરૂરી સહાયકતા-સાનુકૂળતા ઊભી કરવામાં કચાશ રાખે નહિ એ એમના માટે જ હિતકારી છે. સમયે સમયે યોજાતા પુસ્તકમેળાની મુલાકાતે પોતાનાં સંતાનોને લઈ જવા જોઈએ. ઐતિહાસિક મહાપુરુષોનાં જીવન-કવનને લગતાં તથા વિવિધ કલાસંસ્કૃતિના દર્શન કરવતાં મ્યુઝિયમો પણ બતાવવાં જોઈએ. સરકારી સેવાઓમાં વિવિધ ખાતાનાં વિવિધ પદો પર ભરતી માટે આવતી જાહેરાતો પછી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજાતી હોય છે. તીવ્ર હરિફાઈના આજના યુગમાં જ્યારે અનેકગણી સંખ્યામાં નોકરીવાંચ્છુઓની લાઈન લાગી હોય ત્યારે સ્પર્ધામાં સફળતા માટે, પોતાના નિજ અભ્યાસક્રમ ઉપરાંત વર્તમાનપત્રો, વિવિધ સામયિકો, તેમજ સામાન્ય જ્ઞાન-વિજ્ઞાન જનરલ અવેરનેસ, વિવિધ ભાષા-સાહિત્ય વ્યાકરણ ઉપરાંત દેશ-વિદેશના ઇતિહાસ-ભૂગોળ, ખગોળશાસ્ત્ર, ભારતીય રાજ્યવ્યવસ્થા, અર્થવ્યવસ્થાની સૂક્ષ્મમાં સૂક્ષ્મ જાણકારી માટે જે પણ કોઈ સાહિત્ય ઉપલબ્ધી બને તેના નિયમિત વાંચનનો મહાવરો જરૂરી છે. નિયમિતપણે રોજિંદા વધુ અને વધુ વાંચનની સુટેવ થકી અભ્યાસ દૃઢ બનતાં યાદશક્તિ તેજ બનતાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઊંચું મેરિટ આવે તો સફળતા મળવાના ચાન્સીસ વધી જવાના. વિજ્ઞાનના શિક્ષક આઈન્સ્ટાઈનના મતે સાચું શિક્ષણ તો એ છે કે તમે શાળા-કોલેજમાં જે બધું શીખ્યા હોય તે ભૂલી જાઓ પછી જે શીખો તે. ટેક્સબુક્સ સિવાયનાં પુસ્તકોનું વાંચન એ શિક્ષણનું વિશાળ તથા પાયાનું ધ્યેય છે અર્થાત્ શિક્ષણનો ઉપયોગ કેરિઅર ઘડતર કરતાં વ્યક્તિત્વ ઘડતર માટે થાય તો જ સર્વાંગી વિકાસ થયો કહેવાય. જે ઉત્તમ પુસ્તકોના નિયમિત સંસર્ગ થકી શક્ય બને છે. એટલે જ તો પુસ્તકોને આપણા સારા મિત્રો ગણાવાયાં છે.

આપણી માતૃભાષામાં આપણને સદનસીબે સમૃદ્ધ સાહિત્યિક વારસો જે મળેલ છે ત્યારે તેને ફૂરસદનો સમય મેળવી વાંચવા-સમજવાની-અપનાવવાની ટેવ વિકસાવીએ. સમાજમાં આજે સત્વશીલ વિચાર અને સાત્ત્વિક વાંચનની જરૂર છે. ફાધર વાલેસના મતે શબ્દ મનમાં આવે તે એકલો નહિ આવે, પણ આખો વારસો અનુભવ, સ્મરણો, ઇતિહાસ, સ્પંદન, સંસ્કાર, તેજપુંજ અને આભામંડળ સાથે લેતો આવે છે. પુસ્તકો શ્રેષ્ઠ મિત્રો છે જે જીવનની દિશા અને દશા બંને બદલી શકે એમ છે. ચાલો, પુસ્તકોની મહત્તા સમજીને સારા અને શ્રેષ્ઠમાંથી પસંદગી કરી વાંચન શોખ કેળવી સમાજને વિકસાવીએ.

જય સચ્ચિદાનંદ

**જયંતિભાઈ કે. લિમ્બાચિયા**

## અગત્યનું

ગુજરાત વાળંદ સેવા સંઘના બિલ્ડીંગ નિર્માણમાં ડાઈનીંગ હોલ પેટે રૂા. ૫૧ લાખનું દાન જાહેર કરનાર દાતાશ્રીનો વિસ્તૃત પરિચય આગામી અંકમાં પ્રકાશિત થશે.

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.



## પ્રમુખશ્રીની કલમે

સન્માનનીય જ્ઞાતિજનો,

ગુજરાત વાળંદ સેવા સંઘ દ્વારા નિર્માણાધીન નવિન બહુમાળી ભવનનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં હવે ભોંયરાથી ઉપરના સ્ટેજે આવવાની શક્યતા છે. આ પ્રોજેક્ટ માટે આપને નિયમિત માહિતગાર કરતો આવ્યો છું. આ સંદર્ભે બાંધકામ પ્રગતિ તથા ફંડ ઉપલબ્ધિ-જરૂરિયાતો વિગેરે વિષે આ પ્રકાશનના માધ્યમથી દર માસે જાણકારી આપવાના સકારાત્મક પ્રયાસો રહ્યા છે. ગુજરાતભરમાં આપણા વિવિધ જથ-સમાજો-સંસ્થાઓ દ્વારા સમૂહલગ્નોનાં આયોજનો થતાં રહે છે. ફેબ્રુઆરી માસમાં આવા આયોજનોના આમંત્રણને લઈને કોડીનાર, અલારસા, ભાવનગર, સુરત વિગેરે સ્થળોએ રૂબરૂ જઈ જ્ઞાતિજનોના પ્રત્યક્ષ દર્શનનો પણ લાભ મળ્યો છે. અલગ અલગ ઠેકાણે મારી સાથે મારા સાથી ઉપપ્રમુખ સર્વશ્રી સંજયભાઈ પારેખ, વિજયભાઈ બગથરીયા અને મહેન્દ્રભાઈ બાવરીયા ઉપરાંત મંત્રી શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય, ટ્રસ્ટી અને વિદ્યાર્થીગૃહના ચેરમેન શ્રી મુકેશભાઈ પી. નાયી તથા કિરીટભાઈ એમ ભટ્ટી પોતપોતાની અનુકૂળતા મુજબ જોડાયા હતા. ભાવનગર તથા સુરત ખાતે તો ભવ્યાતિભવ્ય આયોજન હતું. ત્યાં સૌરાષ્ટ્રના, અનેક સ્થાનિક અને દૂરદૂર વસતા જ્ઞાતિના મહાનુભાવો સાથે મુલાકાત, ઓળખાણ તથા વિચારગોષ્ટિ થઈ. વળી વિજાપુર ખાતે સોસ્તર જથ નાયી સમાજના શ્રી લિંબચધામ તેમજ આંબલીયારા (બાયડ) ખાતેના શ્રી લિંબચધામના મહોત્સવમાં પણ જવાનું થયું જ્યાં સંઘના ઉપપ્રમુખો શ્રી સંજયભાઈ, મહેન્દ્રભાઈ, વિજયભાઈ બગથરીયા, મંત્રી શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય, શ્રી મુકેશભાઈ નાયી, કિરીટભાઈ ભટ્ટી, બાલુભાઈ પારેખ વિગેરે સાથે રૂબરૂ ઉપસ્થિત રહેવાનો અવસર પ્રાપ્ત થયો. જ્ઞાતિગંગાના દર્શન થકી ધન્યતા અનુભવી. એક જ દિવસે અનેક પ્રોગ્રામ હોવાથી ચંડીસર (ધોળકા) તથા વરસડા (પંચમહાલ) ખાતેના સમૂહલગ્ન પ્રસંગમાં ગુ.વા. સેવા સંઘના પ્રતિનિધિઓ શ્રી મુકેશભાઈ પી. નાયી, ભાનુભાઈ એન. વૈદ્ય વિગેરેએ હાજરી આપી હતી. આમ આ દરેક સ્થળોએ યોજાયેલ સમારોહના આમંત્રણને માન આપી આપણા શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ તરફથી હાજર રહી સંસ્થાના નવિન બિલ્ડીંગ પ્રોજેક્ટની જ્ઞાતિજનોને અમોએ પ્રત્યક્ષ જાણકારી આપી આ માટે દાનની ટહેલ નાખી અપીલ કરી છે. આ પ્રોજેક્ટને ગુજરાતના ખૂણે ખૂણે પ્રચાર અને પ્રસાર કરવાનો મારો અભિગમ છે. જ્ઞાતિજનોમાં મને ઉત્સાહ પણ દેખાઈ રહ્યો છે ને મને વિશ્વાસ છે કે ઉત્તરોત્તર માસ-દરમાસે સંસ્થાની ઝોળી દાનથી ચોક્કસ ભરાતી રહેશે.

આ ઉપરાંત બે માસ અગાઉ આપણે બિલ્ડીંગ પ્રોજેક્ટના વિસ્તૃત માહિતીપ્રદ બ્રોસરનું બહોળા પ્રમાણમાં વિતરણ કરેલ છે. તેની પણ અસર ધીરે ધીરે દેખાવા લાગી છે. દાનના પ્રવાહે હવે થોડોક વેગ પકડ્યો હોય તેમ લાગે છે. તો વળી **રૂમ બાંધકામના પેટે રૂ. ૫,૫૧,૦૦૦/- લાખ તથા હોલના દાતા પેટે રૂ. એકાવન લાખની પણ જાહેરાતો થવાની શરૂઆત થઈ ચૂકી છે.** જો કે હજુ ઘણી લાંબી મંઝિલ કાપવાની બાકી છે. શરૂઆત સારી હોય તો આશામાં વૃદ્ધિ થાય તે સ્વાભાવિક છે. પણ આ પ્રોજેક્ટ માટે મોટા પ્રમાણમાં ફંડની જરૂરિયાત છે. આપણી જ્ઞાતિમાં લબ્ધપ્રતિષ્ઠિત શ્રેષ્ઠીશ્રીઓ, ઉદ્યોગપતિઓ, બુદ્ધિજીવી મોટા અમલદારો, બિઝનેશમેન, પ્રોફેશનલ્સ વિગેરેની કમી નથી. આ વર્ગ તરફથી હજુ મોળો પ્રતિસાદ છે. અમોને આપના યોગદાનની અપેક્ષા છે. આપને હું પુનઃ વિનંતી કરું છું કે શિક્ષણ થકી સમાજની પ્રગતિ ઉત્કર્ષ માટે અમદાવાદ જેવી વિકસિત નગરીમાં આકાર લઈ રહેલા આ ગૌરવપ્રદ બહુમાળી ભવનના નિર્માણ રૂપી યજ્ઞમાં આપની આહુતિનો આતુરતાથી ઇંતેજાર છે. આ સેવાયજ્ઞમાં જોડાઈને સમાજ માટે કંઈક સારું ભવિષ્ય મૂકતા જવાનો આ અનેરો અવસર ઝડપી લેવા જેવો છે. સમાજ અને આ સંસ્થા માટે આપનો સહયોગ ચિરસ્મરણીય અને સદા જીવંત રહેશે. આ માટે સંસ્થાની

રૂબરૂ મુલાકાત માટે પધારવા અમારું આમંત્રણ છે. આપ સ્થળ પર આવી આયોજન-કામની સ્થળ સ્થિતિથી માહિતગાર થઈ શકો છો. મને અથવા તો સંસ્થાના કોઈ પણ હોદ્દેદાર કે ટ્રસ્ટીને અગાઉથી જાણ કરશો તો અમારી હાજરીમાં પણ આપને પ્રોજેક્ટની જાણકારી મળી શકશે. અવશ્ય મુલાકાત લેવા આમંત્રણ છે.

હું હમેશાં કહેતો આવ્યો છું એ મુજબ બિલકુલ સામાન્ય આર્થિક સ્થિતિનો અને રાજ્યના છેવાડાના ખૂણે વસતો નાનામાં નાનો આપણો ભાઈ પણ ઓછામાં ઓછા એક ચો. ફૂટના બાંધકામ પેટે રૂ. ૫,૧૫૧/-નું દાન સંસ્થાના ક્યુઆર કોડના માધ્યમથી ઘેર બેઠાં ઓનલાઈન જમા કરાવી શકે છે અને દાતા તરીકેનું ગૌરવ લઈ શકે છે. ક્યુઆર કોડ પ્રથમ મુખપૃષ્ઠ પર મૂક્યો છે. આ જાહેરાતને પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

આપનાં સૂચનો સદા આવકાર્ય છે.

આપનો
વિપુલ વી. દલાલ
પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે જાન્યુઆરી માસમાં જમા/જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૫૧,૦૦,૦૦૦/- | શ્રી રૂપાબેન અતુલકુમાર દોશી, હાલ યુ.કે. (ગ્રાઉન્ડ ફ્લોર ડાઈનીંગ હોલના દાતાશ્રી) ડોટર ઓફ હંસાબેન વસંતકુમાર દલાલ, સંઘના પ્રમુખશ્રી વિપુલભાઈ વી. દલાલનાં મોટાં બેન |
| ૫,૫૧,૦૦૦/- | શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ, સરપંચશ્રી, ધામતવાણ, દસક્રોઈ. ઉપપ્રમુખશ્રી ગુ.વા.સે. સંઘ, અમદાવાદ |
| ૨,૧૧,૦૦૦/- | શ્રી જયંતિભાઈ ચુનીભાઈ વાળંદ, શ્રીમતિ કોકિલાબેન જયંતિભાઈ વાળંદ, આંબલીયારા (બાયડ) હાલ લેસ્ટર, યુ.કે. |
| ૧,૦૦,૦૦૦/- | સ્વ. લાલચંદભાઈ ખોડીદાસ લિમ્બાચિયા, હ. મંજુલાબેન લાલચંદભાઈ લિમ્બાચિયા, ટુંડાવ, હાલ યુ.એસ.એ. |
| ૬૦,૦૦૦/- | શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા, ટ્રસ્ટી, ગુ. વા. સેવા સંઘ, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | શ્રી બાલુભાઈ બબાભાઈ પારેખ, અડપોદરા, પ્રકાશકશ્રી, વાળંદ વિકાસ, અમદાવાદ |
| ૫૦,૦૦૦/- | બાબુભાઈ તખાભાઈ નાયી, પાલ્લા, ટ્રસ્ટી, સહતંત્રી, વા.વિ. ગુ. વા. સેવા સંઘ, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | શ્રી વિજયભાઈ ધીરૂભાઈ બગથરીયા, ઉપપ્રમુખશ્રી ગુ. વા. સેવા સંઘ, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | સીમાબેન ચૌધરી, પાલડી, અમદાવાદ |
| ૨૫,૦૦૧/- | મીનાબેન પ્રભુદાસ લિમ્બાચીયા, હ. કવિતાબેન ગિરીશભાઈ પી. લિમ્બાચીયા, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | ડૉ. જયેશભાઈ વી. પારેખ, ઓઢવ, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | શ્રી સુરેશભાઈ મગનલાલ પારેખ, જીવરાજ પાર્ક, અમદાવાદ |
| ૨૧,૦૦૦/- | શ્રી રમણભાઈ રતિલાલ પારેખ, થોળ |
| ૧૧,૦૦૦/- | શ્રી વિઠ્ઠલભાઈ ભીખાભાઈ પારેખ, ઓઢવ, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રી બાબુભાઈ એમ. નાયી, મોટી છાસઠ, અમદાવાદ |
| ૧૧,૦૧૧/- | શ્રી રાજેન્દ્રકુમાર મુળજીભાઈ ચૌહાણ, હાલ બેંગ્લોર |
| ૧૧,૦૦૦/- | શ્રી ગોમતીબેન અને જોઈતીબેન લલ્લુભાઈ લિમ્બાચીયા, ઊંઝા |
| ૧૧,૦૦૦/- | શ્રી વિષ્ણુભાઈ ખેમાભાઈ લિમ્બાચિયા, સંડેર, હાલ સિદ્ધપુર |
| ૧૧,૧૦૧/- | શ્રી દિનેશભાઈ પરસોત્તમભાઈ સિસાંગિયા, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રી ભરતભાઈ પ્રહલાદભાઈ લિમ્બાચીયા, ડીસા |
| ૧૦,૩૦૨/- | શ્રી બાબુભાઈ નરભેરામ મહારાજ, નિરાંત આશ્રમ ધામ, છાપી, બ.કાં. |
| ૫,૫૫૫/- | દિનાબેન લલ્લુભાઈ નાયી, રતનપુર, પાલનપુર |
| ૫,૧૫૧/- | શ્રી અશ્વિનકુમાર નારણભાઈ શર્મા, ઓઢવ, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી ધવલભાઈ જયંતિભાઈ વી. લાંઘણોજા, સુરેન્દ્રનગર |

૫,૧૦૦/- શ્રી બચુભાઈ ભીખાભાઈ લિમ્બાચીયા, કટોસણરોડ, તા. દેત્રોજ.
૫,૧૦૦/- શ્રી જયંતિભાઈ છગનભાઈ લિમ્બાચીયા, ડીસા
૫,૧૦૦/- શ્રી મહેન્દ્રકુમાર મોહનલાલ લિમ્બાચીયા, ડીસા
૫,૧૦૦/- શ્રી રાજેન્દ્રકુમાર ગાંડાલાલ વાળંદ, નરોડા, અમદાવાદ
૫,૦૦૧/- શ્રી મહેશભાઈ કીર્તનભાઈ વાળંદ, જી.ઈ.બી., ગાંધીનગર (જુલાઈ-૨૩માં જમા)

### સુધારો

માહે ફેબ્રુઆરી ૨૦૨૪ના વાળંદ વિકાસમાં રૂ. ૧,૦૧,૧૧૧ના દાતાનું નામ ડૉ. ભૂપેન્દ્રભાઈ ઝીણાભાઈ પારેખ શરત ચૂકથી છપાયેલ છે તે ડૉ. ભૂપેન્દ્રભાઈ ઝીણાભાઈ વૈદ્ય એ રીતે વંચાણે લેવું. - તંત્રી, વા.વિ.

## જ્ઞાતિ સમાચાર

૧. શ્રી લિંબચ વિદ્યોત્તેજક મંડળ, અમદાવાદના મંત્રી શ્રી ભરતભાઈ ડી. લિમ્બાચીયાને ગુજરાત રાજ્ય કોલેજીસ લેબોરેટરી સ્ટાફ મંડળ દ્વારા મંડળના આજીવન સ્થાપક પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે તે બદલ અભિનંદન.

૨. શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ, સેક્શન અધિકારી, સચિવાલય, ગાંધીનગરને ગુજરાત સરકાર દ્વારા ઉપસચિવ ક્લાસ-૧ તરીકે બઢતી મળેલ છે. અભિનંદન.

૩. ચુંવાળ સમાજના કડી ખાતે સ્થિત અને વ્યવસાયે શિક્ષક છે તેવા શ્રી રસિકભાઈ વાળંદ સાહિત્યના પદ્મ લેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. અભિનંદન.

૪. આપણી જ્ઞાતિના શ્રી સુરેશભાઈ આર. પારેખ કે જેઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના એડવોકેટ છે. તેમણે જણાવેલ છે કે કોઈપણ જ્ઞાતિજન, સીવીલ રેવન્યુ તથા સર્વિસ મેટરમાં તેમની કાયદાકીય સલાહ, અભિપ્રાય કે આર્બીટ્રેશનને લગતા કામે પોતાનું પૂરું નામ, કાયદાકીય પ્રશ્ન/ગૂંચવણ, કોન્ટેક્ટ નં. મોબાઈલ, એડ્રેસ તથા પત્રવ્યવહારના સરનામા સહિત લેખિત રજુઆત ટપાલથી કરી શકશે તો એકાદ અઠવાડિયામાં જવાબ મળી શકશે. આ માટે તેમનો સંપર્ક નં. તથા પત્રવ્યવહાર સરનામું નીચે મુજબ છે. સરનામું : 'સાધના', બી/૯/૩૪૮, સેક્ટર નં. ૩, અંબા ટાઉનશીપ, ત્રિમંદિર ટેમ્પલની પાછળ, અડાલજ, ગાંધીનગર-૩૮૨૪૨૧ મો. નં. ૯૮૭૯૪ ૮૮૭૩૯

- ગુ. વા. સેવા સંઘ

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



અવસાન તા. ૭-૩-૨૩

ગુજરાત વાળંદ સેવા સંઘને દશ વર્ષ સુધી સબળ અને કુશળ નેતૃત્વ પૂરું પાડનાર જાંબાઝ અને નીડર, સ્પષ્ટવક્તા તથા સંઘને દોરવણી આપવામાં જેમની કોઠાસૂઝ, પ્રભાવિતા, ઓજસસભર પ્રતિભાશાળી શૈલી હતી તેવું વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા પૂર્વ પ્રમુખશ્રી ગોપાળભાઈ જી. શર્માની સંસ્થાને પ્રદાન કરાયેલ સેવાઓ સુવર્ણાક્ષરે ચિરસ્મરણીય રહેશે. કોઈપણ આંટીઘૂંટી યુક્ત પ્રશ્ન કે ગૂંચ ઉકેલવાની તેમની સૂઝ-બૂઝ કાબિલેદાદ હતી. હાલમાં જ્યારે ગુ. વા. સેવા સંઘ દ્વારા નવિન બહુમાળી ભવનનું નિર્માણ હાથ ધરેલ છે ત્યારે તેમની ખરેખર ખોટ સાલે છે. પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ આપે તે માટે ગુ. વા. સેવા સંઘ પરિવાર વતીથી પ્રાર્થના...

**વિપુલભાઈ વી. દલાલ, પ્રમુખ**
**ભાનુભાઈ એન. વૈદ્ય, મંત્રી**
**તથા સમગ્ર ગુ. વા. સે. સંઘ પરિવાર**

## શ્રદ્ધાંજલિ



ગુ. વા. સેવા સંઘના ટ્રસ્ટી, રેવાબા સાંસ્કૃતિક હોલના મંત્રી તથા સંઘના દાતાશ્રીઓના પ્રેરક એવા ભૂમિકા ટ્રાવેલ્સ, અમદાવાદના શ્રી એસ. બી. પારેખના માતા **હીરાબેન બાબુભાઈ પારેખ**, આંબલીયારાનું ૯૭ વર્ષની વયે તા. ૨-૨-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતના પરિવારને ગુ. વા. સેવા સંઘ પરિવાર દિલસોજી પાઠવે છે તથા સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે તેવી પ્રભુને પ્રાર્થના.



ગુજરાત વાળંદ સેવા સંઘના ટ્રસ્ટી, સોસ્તર જથ નાયી સમાજના સંગપુરના વતની (હાલ અમદાવાદ) શ્રી ડાહ્યાભાઈ વલ્લભભાઈ લિમ્બાચીયાના ધર્મપત્ની **ગોદાવરીબેન ડી. લિમ્બાચીયા**નું તા. ૧૭-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે. ગુ. વા. સેવા સંઘ સદ્ગતને શ્રદ્ધાંજલિ પાઠવે છે તથા શોકગ્રસ્ત પરિવારને દિલસોજી પાઠવે છે. ઓમ શાંતિ.

- ગુ. વા. સેવા સંઘ

# સંસ્થા સમાચાર

## લીમ્બચ પગપાળા યાત્રા સંઘ ગાંધીનગરથી પાટણ

આથી પગપાળા યાત્રા સંઘ ના સમગ્ર કારોબારી સભ્યો, સેવાભાવી કાર્યો, તેમજ સમગ્ર દાતાશ્રીઓ, પદયાત્રીઓ, વગેરે ને ખાસ જણાવવાનું કે દર વર્ષ ની જેમ આ વખતે ૨૯મા વર્ષે શ્રી લીમ્બચ પગપાળા યાત્રા સંઘ ગાંધીનગરથી પાટણ મુકામે તારીખ ૧૨/૦૪/૨૦૨૪નારોજ ઊપડશે.

જેની પત્રિકા ટુક સમયમાં તૈયાર કરવામાં આવનાર હોઈ જે કોઈ દાતાશ્રીઓએ દાન પેટે જે પણ રકમ લખાવવાની ઈચ્છા હોય તેવા દાતાશ્રી નો સંપર્ક કરવા સમગ્ર કમિટી, સેવાભાવી કાર્યક્તોઓને નમ્ર વિનંતી જેથી સમયસર પત્રિકા છપાવી શકાય.

આયોજકશ્રી : રમેશભાઈ એસ. નાયી, પ્રમુખ શ્રી ભોગીલાલ એમ પારેખ, મંત્રી શ્રી દિનેશભાઈ કે. શર્મા, શ્રી વિનોદલાલ બી. નાયી, સહમંત્રી દિપકભાઈ એ. શર્મા, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી માણેકલાલ એમ. નાયી, ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ આઈ. નાયી, સલાહકાર શ્રી ઘનશ્યામભાઈ પી. પારેખ

## શ્રી લિમ્બાચિયા ઉત્કર્ષ મંડળ સોલા રોડ, નારણપુરા પ્રોગ્રામનો અહેવાલ

શ્રી લિમ્બાચિયા ઉત્કર્ષ મંડળ સોલા રોડ, નારણપુરા, અમદાવાદનો વાર્ષિક સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ તા. ૩૧-૧૨-૨૦૨૩ ના રોજ પ્રગતિનગર હોલ, અમદાવાદ ખાતે અતિ ભવ્યતાથી આયોજીત કરવામાં આવ્યો. આ દિવસે સવારે ૯:૦૦ કલાકે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૪૫ બાળકોએ ભાગ લીધો હતો અને દરેકે પોતાની બુધ્ધિ ચાતુર્ય અને કૌશલ્ય દ્વારા ખુબ જ કલાત્મક ચિત્રો દોરેલા હતા. ભાગ લીધેલ તમામ આ બાળકોને પ્રોગામ દરમ્યાન સન્માનિત કરી દરેકને પ્રોત્સાહિત કરવા ઈનામો આપવામાં આવ્યા હતા.

પૂર્ણ નિર્ધારીત સમય પ્રમાણે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમમાં સમારંભના પ્રમુખ શ્રી ગૌરાંગભાઈ જયંતીભાઈ દસલાણીયા, સમારંભના ઉદ્‌ઘાટક શ્રી ઉપેન્દ્રભાઈ બળદેવભાઈ કનીજીયા, ધારાસભ્યશ્રી જીતુભાઈ પટેલ (ભગત), શ્રી ડૉ જીતેન્દ્રભાઈ એમ. તુવેર, શ્રી જીતુભાઈ ખરચરીયા મહામંત્રી અમદાવાદ બક્ષીપંચ મોરચા, શ્રી બીપીનભાઈ અમથાભાઈ પારેખ, શ્રીમતી સરોજબેન પ્રહલાદભાઈ પારેખ, શ્રી સુનીલભાઈ પારેખ, શ્રી ઉપેન્દ્રભાઈ કાળીદાસ લિમ્બાચિયા, શ્રી ડૉ. બળદેવભાઈ જી. વૈધ, શ્રી ચૈતન્યભાઈ મહાવદીયા, શ્રી રાજુભાઈ બંસીભાઈ પારેખ, શ્રી ભાનુભાઈ વૈધ, શ્રી રસીકભાઈ એસ. લિમ્બાચિયા, શ્રી દિનેશભાઈ અંબાલાલ નાયી તથા શ્રી ધર્મેશભાઈ એ. કારેલીયા તથા શ્રી પ્રિતેશભાઈ બી. પારેખ તથા શ્રી સંજયભાઈ શર્માએ કાર્યક્રમમાં સ્ટેજ ઉપર હાજરી આપી હતી. આમંત્રિત મહેમાનો ધ્વારા સમારંભમાં ખુબ જ માહિતી સભર પ્રવચનો કરી વિદ્યાર્થીઓ અને આયોજકોને ભાવવિભોર કરી દીધેલ. ત્યારબાદ ધોરણ ૧૦-૧૨ અને ઉચ્ચ શિક્ષણમાં પ્રથમ ત્રણ આવનાર દરેક ધોરણના વિદ્યાર્થીઓને શિલ્ડ દાતાશ્રી ધર્મેશભાઈ એ. કારેલીયા વતી તેમના પુત્ર દ્વારા ઈનામ આથી પ્રોત્સાહિત કરેલાં.

મંડળ દ્વારા ધોરણ ૧થી તમામ વર્ગની આવેલ માર્કશીટના મુલ્યાંકનમાં ૭૦%થી વધુ ગુણ પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓને આમંત્રિત મહેમાનોના હસ્તે ઈનામો આપવામાં આવેલાં હતા.

આ દિવસે આવેલ મહેમાનોએ દાન આપી મંડળના કાર્યક્રમમાં સહયોગી બનેલા. જેમાં શ્રી ભુપેન્દ્રભાઈ પારેખ રૂા. ૨૫,૦૦૦/- શ્રી ગૌરાંગભાઈ જયંતિભાઈ દસલાણીયા રૂા. ૧૫૦૦૦/-, શ્રી ચૈતન્યભાઈ મહાવદીયા રૂા.૧૧૦૦૦/-, શ્રી ઉપેન્દ્રભાઈ કનીજીયા રૂા. ૧૧૦૦૦/-, શ્રી બિપીનભાઈ એ. પારેખ રૂા. ૫૦૦૦/- , શ્રી ડૉ. બળદેવભાઈ જી. વૈદ્ય રૂા. ૫૧૦૦/-, શ્રીમતી સરોજબેન પી. પારેખ રૂા. ૫૦૦૦/-, શ્રી સુનીલકુમાર પી. પારેખ રૂા.૫૦૦૦/-, શ્રી ધર્મેશભાઈ એ. કારેલીયા રૂા. ૪૦૦૦/-, શ્રી ગીરીશભાઈ રૂા. ૨૫૦૦./- શ્રી બંસીભાઈ આર. પારેખ રૂા.૨૫૦૦/-, શ્રી અલ્પેશભાઈ

પારેખ રૂા.૨૧૦૦/-, શ્રી મહેશભાઈ પી. જોટંગીયા રૂા. ૨૧૦૦/-, શ્રી દેવેન્દ્રભાઈ એલ. કોન્ટ્રાક્ટર રૂા. ૨૧૦૦/-, શ્રી રસીકભાઈ લીમ્બાચીયા રૂા. ૨૦૦૦/-, શ્રી દિનેશભાઈ એ. નાયી રૂા. ૨૦૦૦/-, શ્રી ભાનુભાઈ વૈદ્ય રૂા.૨૦૦૦/-, શ્રી સંજયભાઈ શર્મા રૂા. ૩૦૦૦/-, શ્રી ઉદયનભાઈ લિમ્બાચિયા રૂા. ૨૫૦૦/-

આ ઉપરાંત આવેલ જ્ઞાતિજનોએ પોતાની યથાશક્તિ મુજબ દાન આપી સહયોગી થયા હતાં. મંડળવતી આ બાબતો આમંત્રિત મહેમાનોનું સ્વાગત પ્રવચન શ્રી બાબુભાઈ નાયી ખજાનચી એ કરેલ. ત્યારબાદ મંડળના પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ પારેખે મંડળના તમામ કારોબારી સભ્યો, હાજર રહેલા મહેમાનો તથા જ્ઞાતિજનોને બિરદાવ્યા હતા. હાજર રહેલા તમામ મહેમાનોને ફુલહાર અને શાલ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન લગભગ ૧૨૫ વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં આવેલ તમામ મહેમાનોએ પણ મંડળની કામગીરી બિરદાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આર્શીવચન પાઠવેલ.

અંતમાં આભારવિધિ શ્રી નટુભાઈ એમ. શર્મા દ્વારા કરવામાં આવી. આવેલ સૌ મહેમાનો અને જ્ઞાતિજનોએ સ્વરૂચિ ભોજનનો લાભ લઈ એકબીજાનો વિશેષ પરિચય કરેલ કાર્યક્રમનો આનંદ પ્રાપ્ત કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

**– બાબુભાઈ એમ. નાયી, ખજાનચી**

## શ્રી જય લિંબચ ઉત્કર્ષ (સોસ્તર જૂથ) ચેરીટેબલ ટ્રસ્ટ , અમદાવાદ દ્વારા આયોજિત ૨૯મો પગપાળા સંઘ

શ્રી જય લિંબચ ઉત્કર્ષ (સોસ્તર જૂથ) ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આયોજિત ૨૯મો પગપાળા સંઘ મહાસુદ ૧ તા.૧૦-૦૨-૨૦૨૪ને શનિવારે મા લિંબચ ના બે નિશાન (ધજા) સાથે આ વર્ષે ધજાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું એવા ગં.સ્વ.ઈચ્છાબેન બાબુલાલ નાયી હસ્તે જયેન્દ્રભાઈ બાબુલાલ તથા હેમલતા બાબુલાલ પરિવાર (ભોતીપુરા-હાલ અમદાવાદ) સી ૮૮૭, જનતાનગર, ચાંદખેડા, અમદાવાદ ખાતેથી અર્ચના-પૂજા, આરતી કરી ગાયત્રી મંદિર, શાહીબાગ, અમદાવાદ ખાતે સવારે ૯-૦૦વાગે આવી પહોચ્યા.ગાયત્રી મંદિરમાં પૂજા અર્ચના આરતી કરી સંઘે સવારે ૯-૩૦ વાગે ચાંદખેડા જવા પ્રયાણ કર્યું.ગાયત્રી મંદિર ખાતે શ્રી અશ્વિનભાઈ આર.શર્મા (લાડોલ) તરફથી બટાટા પૌઆની યાત્રિકોને સેવા આપવામાં આવી.જનતાનગરમાં સંઘ બપોરે બાર વાગે આવી પહોચ્યો.જનતાનગર-ચાંદખેડા-ડી કેબીનમાં વસતા ભાઈઓ-બહેનોએ માતાજીની ધજાનું ઉમળકાભેર સ્વાગત કર્યું જ્યાં શ્રીમતિ ઈન્દીરાબેન તથા શ્રી રમેશભાઈ શિવરામ વૈદ્ય (સાઈબાપુર) તરફથી ભોજન પ્રસાદ આપવામાં આવ્યો.ભોજન પ્રસાદ લઈ સંઘે બપોરે ૧।૩૦ કલાકે પ્રયાણ કરી ઝૂંડાલ ચોકડી પહોંચ્યા જ્યાં યાત્રિકોનું રજીસ્ટ્રેશન કરી બિલ્લાઓ આપવામાં આવ્યા જ્યાં ૮૫ યાત્રિકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું. દરેક પાસે સંમતિપત્ર ભરાવવામાં આવ્યા.અહી શ્રી અરુણભાઈ એસ.નાયી (સંઘપુર) તરફથી સૌ યાત્રીકોને ચા આપવામાં આવી.આગળ ઉવારસદ ખાતે શ્રી જયંતીભાઈ કે.વૈદ્ય (વિજાપુર) તરફથી ઠંડા પીણાની સેવા આપવામાં આવી.સંઘે આગળ પ્રયાણ કરી સરગાસણ ચોકડી પહોંચ્યા જ્યાં ગં.સ્વ.ઉષાબેન બચુભાઈ નાયી પરિવાર (વિજાપુર) તરફથી પદયાત્રીઓને ચા તથા સ્વ. શાંતાબેન નારાયણદાસ શર્મા(પામોલ) હસ્તે જતીનભાઈ (અમેરિકા), શ્રી કેતનભાઈ(અમદાવાદ) તથા શ્રી ધીરેનભાઈ (યુ.કે.) તરફથી અલ્પાહાર આપવામાં આવ્યો.થોડો વિશ્રામ કરી સંઘે પુનઃપ્રસ્થાન કરી ભજન ધૂન ગાતા ગાતા તથા માતાજીના ઉદ્‌ઘોષ -બોલ મારી લિંબચ-જય જય લિંબચ સાથે ગાંધીનગર લિંબચધામ ખાતે સાંજે સાત વાગે આગમન કર્યું જ્યાં ગાંધીનગરના ભાઈઓ-બહેનોએ ભાવભીનું સ્વાગત કર્યું.અહી શ્રી જયમીન લક્ષ્મણભાઈ બાબુલાલ નાયી (પુંધરા) તરફથી ભોજન પ્રસાદ (તથા સવારે ચા નાસ્તો) આપવામાં આવ્યો.ગાંધીનગરમાં રાત્રિ રોકાણ ની સુંદર વ્યવસ્થા શ્રી પંકજભાઈ કે.નાયી (પુંધરા) તથા ગાંધીનગરના ભાઈઓ તરફથી કરવામાં આવી હતી.અહી ગાદલા-રજાઈ-ઓશિકાની સેવા શ્રીમતિ નિરંજનાબેન તથા શ્રી નરોત્તમભાઈ અંબાલાલ નાયી( વરસોડા-હાલ યુ.કે.) તરફથી કરવામાં આવી.

બીજા દિવસે તા.૧૧।૦૨।૨૦૨૪ને રવિવારે સવારે ૭।૦૦વાગે મા લિંબચ ગાંધીનગરમાં માની આરતી કરી, એક ધજા ચઢાવી ચા-નાસ્તો કરી સંઘે આગળ પ્રયાણ કરી પંકજભાઈ કે.નાયી(પ્રમુખશ્રી, સોસ્તર જૂથ નાયી સમાજ-વિજાપુર) ના ઘરે પહોંચ્યા જ્યાં ધજાની પૂજા -આરતી કરી તથા ચા પાણી કરી ભજન ધૂન તથા માતાજીના જયઘોષ સાથે સંઘે પ્રયાણ કર્યું.આગળ પેથાપુર ચોકડી પાસે મન પસંદ ભજીયા હાઉસ ખાતે શ્રી મુકેશભાઈ નટવરલાલ વૈદ્ય (વિજાપુર હાલ અમેરિકા) તરફથી ભજીયાનો નાસ્તો આપવામાં આવ્યો.આ ઉપરાંત શ્રી મુકેશભાઈ વૈદ્ય તરફથી રસ્તામાં ઠેર ઠેર ચીકી, કાજુ, બદામ, કચરિયું, દ્રાક્ષ વગેરે પદયાત્રીઓને આપવામાં આવતા હતા.પેથાપુર ચોકડી પાસે શ્રી સૂરજભાઈ કિરીટભાઈ નાયી( સંઘપુર) તરફથી આઈસ્ક્રીમ આપવામાં આવ્યો.

સંઘ આગળ કૈલાસધામ પહોચ્યો જ્યાં ગરમાગરમ લાઈવ ઢોકળાં ની સેવા શ્રીમતિ સુધાબેન રમેશભાઈ નાયી (સોખડા હાલ અમેરિકા) તરફથી આપવામાં આવી અને સૌને તરોતાજા કરવામાં આવ્યા.સંઘે ત્યાંથી પ્રયાણ કરી પંચવટી હોટલ-પીપરજ ખાતે ગં.સ્વ.મંજુલાબેન બાબુલાલ વૈદ્ય (ગોઠવા) તરફથી દર વર્ષ ની જેમ આઈસ્ક્રીમ આપવામાં આવ્યો.સંઘે ત્યાંથી પ્રયાણ કરી લગભગ બપોરે બે વાગે મુબારકપુર પહોચ્યો જ્યાં શ્રી નવિનચંદ્ર નાનાલાલ વૈદ્ય પરિવાર( લાડોલ હાલ માણસા) તરફથી ભોજન પ્રસાદ આપવામાં આવ્યો.અહીં ખાસ વાત એ રહી કે મુબારકપુરમાં દર વર્ષે સેંધીમાના મંદિરે વિશ્રામ થતો હતો પણ ચાલુ સાલે મંદિરમાં રીનોવેશન માટે મંદિર તોડી પાડયું છે પણ મુબારકપુરના શ્રી ઘનશ્યામભાઈ પટેલે તેમના ફાર્મમાં મંડપ બંધાવી ખાટલા-ગોદરાઓ પથરાવી તથા ખુરશીઓ મૂકી તથા પાણીની સુંદર વ્યવસ્થા કરી હતી એટલું જ નહિ પણ માતાજી પ્રત્યે આસ્થા રાખી આજીવન ઉતારાની વ્યવસ્થા આપીશું એમ જણાવ્યું છે. ધન્ય છે ઘનશ્યામભાઈ પટેલને

થોડા વિશ્રામ પછી બપોરે ત્રણ વાગે સંઘે આગળ પ્રયાણ કર્યું. આગળ ગ્રામભારતી ખાતે શ્રી વિષ્ણુભાઈ મંગળદાસ નાયી (વરસોડા) તરફથી તથા અંબોડમાં શૈલેષભાઈ નારાયણદાસ નાયી (સંઘપુર-હાલ અમેરિકા) તરફથી સૌ યાત્રીઓને ચા આપવામાં આવી.રસ્તામાં સંતરાં શ્રી હિમાંશુંભાઈ એમ.પારેખ (ગવાડા) તરફથી આપવામાં આવ્યાં.મયૂરભાઈ સોમાભાઈ શર્મા તરફથી (કરબટીયા-હાલ અમેરિકા) એ યાત્રીઓને પેઈન કીલર ક્રીમની ટ્યુબ વહેંચવામાં આવી હતી.

સાજે સાત વાગે સંઘ ઈશ્વરપુરા-સાગર હૉટલ ખાતે આવી પહોચ્યો.અહી બદપુરા, વરસોડા તથા લોદરાના ભાઈઓ-બહેનોએ સંઘનું સ્વાગત કર્યું.અહી કનુભાઈ વિઠ્ઠલદાસ નાયી (લોદરા) હસ્તે બાલકૃષ્ણ, ચિરાગભાઈ તથા ભાવનાબેન શર્મા તરફથી ભોજન પ્રસાદ આપવામાં આવ્યો.વરસોડાના ભાઈઓ તરફથી દૂધની સેવા આપવામાં આવી હતી સાગર હોટેલમાં રાત્રિ રોકાણ ની સુંદર વ્યવસ્થા કનુભાઈ વિઠ્ઠલદાસ નાયી (લોદરા) તરફથી કરવામાં આવી હતી.ગાદલા-રજાઈ-ઓશિકાની સેવા વિક્રમભાઈ પુરુષોત્તમદાસ નાયી (બદપુરા) તરફથી કરવામાં આવી હતી.

તા.૧૨।૦૨।૨૦૨૪ને સોમવારે ધજાની પૂજા આરતી કરી સવારે ચા નાસ્તો કરી (ચા-નાસ્તો કનુભાઈ વિઠ્ઠલદાસ નાયી -લોદરાતરફથી હતો) સંઘે સવારે સાત વાગે સાગર હોટેલથી આગળ પ્રયાણ કરી સવારે નવ વાગે પુંધરા પહોંચ્યો જ્યાં શ્રીમતિ જશોદાબેન તથા શ્રી નટવરલાલ છનાલાલ નાયી (સંઘપુર) તરફથી ચા નાસ્તાની સેવા આપવામાં આવી.સંઘે આગળ પ્રયાણ કરી આશ્રમ ચોકડી પહોચ્યો જ્યાં ગં સ્વ.શારદાબેન રામભાઈ નાયી (ગેરીતા-હાલ યુ.કે) તરફથી દર વર્ષની જેમ આઈસ્ક્રીમ આપવામાં આવ્યો.આગળ જતાં રણાસણમાં રણાસણના ભાઈઓ-બહેનોએ ધજાની પૂજા વિધિ કરી તથા સૌને ચા નાસ્તો આપવામાં આવ્યો.સાથે વચ્ચેથી યાત્રીઓ સંઘમાં જોડાયેલ જે સૌ માનવ મહેરામણ સાથે નાચતા ગાતા સંઘે ડી.જે.ના તાલે ઉત્સાહભેર ગરબાની રમઝટ સાથે લિંબચ માતાના મંદિરમાં બપોરે ૧૨-૦૦ વાગે પ્રવેશ કર્યો જ્યાં વિજાપુર સોસ્તર સમાજ ના પદાધિકારીઓએ સંઘનું સ્વાગત કર્યું. બપોરે ૧૨-૩૦ કલાકે ધજાની પૂજા આરતી કરી ધજાનું આરોહણ મંદિરના શિખરે કરવામાં આવ્યું. અમદાવાદથી ધજાના પ્રણેતા શ્રી જયેન્દ્રભાઈ બાબુલાલ નાયી(મોતીપુરા-હાલ ઝામ્બિયા) દ્વારા માતાજીની ધજા અર્પણ કરવામાં આવી તથા ભોજન પ્રસાદ આપવામાં આવ્યો. ભોજન બાદ સૌ યાત્રિકો માતાજીના પરિસરમાં

એકઠા થયા.દાતાશ્રીઓ તથા સંઘમાં સેવા આપતા કાર્યકરોનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું.શ્રી રમેશભાઈ વૈદ્યે સાઈબાપુર) આભારવિધિ કરી.

મા લિંબચ સૌ પદયાત્રીઓને નિર્વિઘ્ને હેમખેમ સુખરુપે પહોચાડ્યા જેમાં પદયાત્રીઓની શ્રધ્ધા, ભક્તિ, પ્રેમ તથા વિશ્વાસ રહેલો છે.આપણા કૂળદેવી લિંબચ માતાની તેના વ્હાલા બાલુડાઓ પ્રત્યેની કરુણા-દયાની લાગણી અપરંપાર છે.જય હો મા લિંબચની

દર વર્ષની જેમ ચાલું સાલે પણ અમદાવાદથી વિજાપુર સુધી મિનરલ વોટર ની સેવા શ્રીમતિ પારુલબેન અશ્વિનભાઈ શર્મા(રણાસણ-હાલ ઝામ્બિયા) તરફથી પૂરી પાડવામાં આવી હતી.દર સાલની જેમ પદયાત્રીઓને વિજાપુરથી અમદાવાદ પરત લાવવા બસની સેવા રામભરોસે ટ્રસ્ટ ના સંચાલક શ્રી શરદભાઈ મોહનલાલ નાયી (પુંધરા હાલ યુ.કે.) પરિવાર તરફથી પૂરી પાડવામાં આવી હતી.

ચાલું સાલે ગાડીની સેવા શ્રી મહેશભાઈ એસ.નાયી(જંત્રાલ), શ્રી અરવિંદભાઈ વી.શર્મા(સંઘપુર), શ્રી સચિનભાઈ કે.પારેખ(ચાંગોદ), અરુણભાઈ એસ.નાયી (સંઘપુર), મનોજભાઈ જે.વૈદ્ય (વિજાપુર) તરફથી આપવામાં આવી હતી.શ્રી ચંદ્રકાંતભાઈ જી. શર્મા (ગેરીતા) તરફથી રીક્ષાની સેવા આપવામાં આવી હતી.

અમદાવાદથી વિજાપુર સુધી સંઘનું સફળ સંચાલન શ્રી કાળીદાસભાઈ કે. પારેખ(પ્રમુખશ્રી), શ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય (મંત્રીશ્રી), શ્રી અરવિંદભાઈ વી. શર્મા (ઉપપ્રમુખશ્રી) પ્રવિણભાઈ ડી. નાયી (ટ્રસ્ટીશ્રી), પ્રવિણભાઈ એલ. નાયી (ટ્રસ્ટીશ્રી), અશ્વિનભાઈ કે. નાયી (ટ્રસ્ટીશ્રી), વિજયભાઈ એન. નાયી (ટ્રસ્ટીશ્રી) તથા યુવાવર્ગમાં શ્રી સાગરભાઈ એ.શર્મા(લાડોલ), શ્રી પ્રકાશભાઈ એસ. લિંબચીયા (લોદરા), કેતનભાઈ એમ. પારેખ (વડાસણ) તથા નામી અનામી સૌનો શ્રી જય લિંબચ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ આભાર માને છે.

અમદાવાદથી વિજાપુર સુધી વિવિધ સ્થળોએ ચા નાસ્તો, આઈસ્ક્રીમ, ભોજન પ્રસાદ, ડી.જે.ની સેવા, વાહનોની. મહિલા યાત્રીઓ માટે ટેમ્પોની, સામાન મૂકવા માટે છોટા હાથી, વિજાપુરથી અમદાવાદ યાત્રીઓને પરત મૂકવા બસની સેવા આપનાર સર્વે દિલેર દાતાશ્રીઓનો ઉત્કર્ષ મંડળ તરફથી આભાર માનવામાં આવે છે.માની અમદાવાદથી વિજાપુર સુધી સતત ભક્તિમય નિર્મળ વાતાવરણમાં માતાજીના જય ઘોષ સાથે પદયાત્રા કરનાર સર્વે પદયાત્રીઓનો પણ સહકાર આપવા બદલ ઉત્કર્ષ મંડળ આભાર વ્યક્ત કરે છે.

ડી.જે. તથા સાઉન્ડ સીસ્ટમ, સામાન મૂકવા માટે છોટા હાથી, મહિલાઓ માટે ટેમ્પો, બેનર સેવા તથા બીજી સેવાઓમાં નીચેના દાતાશ્રીઓએ યોગદાન આપ્યું છે.

(૧) શ્રી વાસુદેવભાઈ બી.વૈદ્ય (વિજાપુર હાલ યુ કે.) રૂા. ૧૦૦૦૦/-, (૨) સ્વ.મધુબેન શાંતિલાલ નાયી (પિલવાઈ-હાલ યુ.કે) રૂા. ૯૦૦૦/-, (૩) શ્રીમતિ મધુબેન ગિરિશભાઈ શર્મા (વિજાપુર-હાલ યુ.કે.) રૂા. ૬૦૦૦/-

(૪) ફાલ્ગુનીબેન સી. દમણી(વિજાપુર હાલ અમદાવાદ.) રૂા. ૭૦૦૦/- (૫) શ્રીમતિ સોનલ એન. લિંબચીયા (કુકરવાડા-હાલ અમદાવાદ) રૂા. ૪૦૦૦/- (૬) સતીષ જે. નાયી (પિલવાઈહાલ અમદાવાદ) રૂા. ૪૦૦૦/-, (૭) મુકેશભાઈ કે. નાયી (વેડા હાલ અમદાવાદ) રૂા. ૨૦૦૧/-, (૮) વ. પ્રવિણભાઈ એમ. નાયી (દેવડા ) રૂા. ૧૨૫૦/-, (૯) ભાવિક સોમાભાઈ નાયી (લાડોલ હાલ અમદાવાદ) રૂા. ૧૫૦૦/-, (૧૦) કપિલાબેન (સુરત) રૂા. ૧૨૫૦/- સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.

**અરવિંદભાઈ એસ.વૈદ્ય,**
**મંત્રીશ્રી, શ્રી જય લિંબચ ઉત્કર્ષ (સોસ્તર જૂથ)**
**.ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ .**

## ભાવનગરમાં વાળંદ સમાજના સમૂહલગ્નમાં ૧૯ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા

સમસ્ત વાળંદ સમાજ ભાવનગર દ્વારા લસરિયા હનુમાન ભાવનગર ખાતે સમૂહ લગ્ન મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. ૧૯ યુગલો એ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. દાતાઓ અને સમૂહ લગ્ન સમિતિ દ્વારા લગ્નમાં જોડાનાં તમામ કન્યાઓને કરિયાવરમાં અનેક ચીજ વસ્તુઓની ભેટ આપવા આવી હતી. ગાયત્રી પરિવાર દ્વારા લગ્ન વિધિ કરાઈ હતી. કલા સંસ્થા અંકુર દ્વારા રૂડા લગ્ન ગીતો તેમજ જાણીતા કલાકારો અનિલ વંકાણી, ધરમ વંકાણી, ધવલ કઠવાડિયા વિગેરે સમાજના કલાકારોએ ભારે રમઝટ બોલાવી હતી. કાર્યક્રમમાં શ્રી વિપુલભાઈ

દલાલ (યુ.એસ.એ.) દિલીપભાઈ વાઘેલા (સુરત) અશોકભાઈ વાઘેલા, હિતેશભાઈ રાઠોડ, દિલીપભાઈ વાઘેલા, વિજયભાઈ પરમાર (આત્મીય ગ્રુપ રાજકોટ) પ્રવીણભાઈ રાઠોડ (મહુવા) વિજયભાઈ બગથરીયા, મુકેશભાઈ નાઈ (અમદાવાદ) વિનુભાઈ પનારા (લાઠી) સહિત ગુજરાતભર પી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને નવદંપત્તિઓ નર આશીર્વાદ પાઠવ્યા હતા. સર્વશ્રી મનહરભાઈ રાઠોડ, પરેશભાઈ ચૌહાણ, રાજુભાઈ પરમાર, રમેશભાઈ મુંજપરા તથા સમસ્ત લગ્ન સમિતિ ના આગેવાનો અને કાર્યકરોની ટીમે ભારે જહેમત ઉઠાવી સમૂહલગ્નના આયોજનને સફળ બનાવ્યો હતો.

**- પ્રેસ કટીંગ આધારિત**

## ગુજરાત વાળંદ સેવા સંઘ દ્વારા પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજનાનો રજીસ્ટ્રેશન કેમ્પ અમદાવાદ ખાતે યોજાયો




નાયી વાળંદ લિંબાચીયા સમાજનાં ભાઈ બહેનોને પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજનાનો પુરેપુરો લાભ મળે એ હેતુથી તાજેતરમાં તારીખ 30.1.2024 મંગળવારે અમદાવાદ ખડાયતા સાંસ્કૃતિક હૉલ ગુલબાઈ ટેકરા પુંધરા વિદ્યાર્થી ગૃહની સામે સવારે નવ વાગ્યે કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. સાથે સાથે ગુજરાતના પનોતા પુત્ર ભારતના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબ ભારત સરકાર દ્વારા બિહારના પુર્વ મુખ્યમંત્રી સમગ્ર ભારત દેશનું નાયી સમાજનું ગૌરવ એવા સ્વ. શ્રી કપુરી ઠાકુર સાહેબને મરણોતર ભારત રત્ન એવૉર્ડ આપવામાં આવ્યો એની ખુશી વ્યક્ત કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબનો આભાર વ્યક્ત કરવા માટે કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શુભેચ્છક સંસ્થાઓ લિંબચ યુવા સંગઠન ગુજરાત, બાર્બર નાયી એસોશીપન અમદાવાદ, સમાલ બાવન નાયી સમાજ, વઢીયાર નાયી સમાજ પશ્ચિમ વિભાગ, અખિલ ગુજરાત નાયી વાળંદ સમાજનાં અગ્રણીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી

**- શૈલેશ નાઈ, દિયોદર**

## સંજયકુમાર નરોત્તમભાઈ લિંબાચીયા



સંજયકુમાર નરોત્તમભાઇ લિંબાચીયા લાયબ્રેરી & ઈન્ફોર્મેશન વિજ્ઞાન વિષયમાં તા. 9 ફેબ્રુઆરી 2024ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા (સ્ટેટ ગવૅરમેન્ટ યુનિવર્સિટી) માં ડૉક્ટરેટની (Ph.D.) પદવી મેળવી.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે આદરણીય કુલપતિશ્રી પ્રતાપસિંહજી ચૌહાણ સાહેબના નેતૃત્વમાં તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ યુનિવર્સિટીમાં લાયબ્રેરી & ઈન્ફોર્મેશન વિજ્ઞાન વિષયમાં પ્રથમ પી.એચડી વાયવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં અમદાવાદના એ.એમ.સી ડેન્ટલ કોલેજના લાયબ્રેરીયન શ્રી સંજયકુમાર નરોત્તમભાઇ લિંબાચીયા એ લાયબ્રેરી & ઈન્ફોર્મેશન વિજ્ઞાન વિષયમાં "SWOT Analysis of Medical College Libraries at Gujarat State" પર પીએચ.ડી. શોધ નિબંધ રજૂ કરતાં પ્રથમ પી.એચડી પૂર્ણ કરનાર વિદ્યાર્થી તરીકેનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

શ્રી સંજયકુમાર નરોત્તમભાઇ લિંબાચીયા ગુ. વા. સેવા સંઘના ટ્રસ્ટી, ખજાનચી શ્રી નરોત્તમભાઈ એચ. નાયીના પુત્ર છે. આ વિશિષ્ટ ડીગ્રી હાંસલ કરી સંજયભાઈએ તેમના પરિવાર, કુટુંબ, તેમના વતન પિંઢારપુરા ગામ (જી. પાટણ) અને તેર સમાજ અને સમગ્ર નાઈ સમાંજનું નામ રોશન કર્યું છે. ગુ. વા. સેવા સંઘ અભિનંદન પાઠવે છે.

## Information regarding 'VALAND VIKAS' Form IV (Rule No. 8)

| | | | |
|---|---|---|---|
| (1) | Place of publication | : | Valand Vikas Karyalaya, Opp. Pankaj Vidyalaya, Gulbai Tekra, Ahmedabad-380 006 |
| (2) | Periodicity of publication | : | Monthly |
| (3) | Publisher's Name | : | Balubhai Bababhai Parekh |
| | Nationality | : | Indian |
| | Address | : | 65, Nilkamal Society, Opp. RBI Quarters, Nr. Malav Talav, Jivrajpark, Ahmedabad |
| (4) | Editor's name | : | Jayantibhai Karshanbhai Limbachiya |
| | Nationality | : | Indian |
| | Address | : | 17, Harmony Homes-IV, Umiya Campus Road, Nr. Bhagvat Temple, Sola, Ahmedabad-380 060 |
| (5) | Name & Address of the owner | : | Gujarat Valand Seva Sangh, Opp. Pankaj Vidyalaya Gulbhai Tekra, Ahmedabad-380 006 |

I hereby declare that the above information is true to the best of my knowledge.

Sd/-
**(Balubhai B. Parekh)**
Signature of Publisher



MAJESTY
CONSULTANCY

**કેયુર રમેશભાઈ શર્મા**
**મો. ૯૪૨૯૨૦૭૮૩૮**

**મજેસ્ટી કન્સલ્ટન્સી**

**(ટેક્ષ કન્સલ્ટન્ટ / ફાઇનાન્સીઅલ એડવાઇઝર)**

- ઈન્કમટેક્ષ, જી.એસ.ટી. સલાહકાર
- દરેક ધંધા / વ્યવસાયનું રજીસ્ટ્રેશન
- એકાઉન્ટ લખી આપવામાં આવશે
- હોમલોન / મોર્ગેજ લોન / પર્સનલ લોન

Email : majestyconsultancy@gmail.com

ઓફિસ : દુકાન નં. ૨૦, પહેલો માળ, ઘનશ્યામ કોમ્પલેક્ષ,
ઓવર બ્રીજ પાસે, ચાંદલોડીયા, અમદાવાદ - ૩૮૨૪૮૧

# નંદ રાજવંશનો ગૌરવશાળી ઈતિહાસ

**ક્રમશઃ**

## શું સમ્રાટ મહાપદ્મનંદ મગધના પૂર્વરાજવંશનાઉતરાધિકારી (વારસદાર)હતા ?

પુરાણો માં શિશુનાગવંશના ઉપરાંત મગધ સામ્રાજયના ઉતરાધિકારી (વારસદાર) ચક્રવર્તી સમ્રાટ મહાપદ્મનંદને બતાવવામાં આવ્યા છે. ઐતિહાસિક વિદ્વાનોના અનુસાર શિશુનાગ નું નામ બ્રાત્યનંદી શિશુનાગ હતું. (એક મતથી બ્રાત્ય એટલે જે વેદ પુરાણને માનતા નથી. વર્ણ બહારના અથવા વર્ણાશ્રમ ધર્મને સ્વીકારતા નથી તેવા લોકો.) ડો.કાશીપ્રસાદ જયસ્વાલના મત થી બ્રાત્ય (વાત્ય) નંદી શબ્દ તેના બ્રાત્ય ક્ષત્રિય હોવાનું સૂચવે છે. પ્રો. જયચન્દ્ર વિધાલંકારના અનુસાર બ્રાત્ય નંદી અથવા ક્ષાત્ર બંન્ધુ તે લોકો હતા જે ઓ મગધ દેશના પૂર્વમાં નિવાસ કરતા હતા તથા વૈદિક સંસ્કૃતિનો સ્વીકાર કરતા ન હતા. (તેઓની પોતાની અલગ સંસ્કૃતિ હોય શકે) તેઓની શિક્ષા-દીક્ષા નું માધ્યમ કૃત ભાષા હતી તેઓ બ્રાહ્મણોના સ્થાન ઉપર અહંતો (જે તે સમયની ધાર્મિક વિધી કરાવતા લોકો ) ને પૂજય માનતા હતા તથા ચૈત્યો ની પૂજા કરતા હતા.

મારૂ માનવું છે કે મગધ સમ્રાટ બ્રાત્ય નંદી શિશુનાગના નામ માં બ્રાત્ય તથા નંદી બન્ને શબ્દ કોઇને કોઇ રૂપમાં નંદરાજ, મહાપદ્મનંદથી જોડાયેલ છે. બ્રાત્ય ક્ષત્રિય તેઓને કહેવામાં આવ્યા છે જે રાજા બ્રાહ્મણો નો ત્યાગ કરી બૌધ્ધિક બૌધ્ધ ધર્મ નો સ્વીકાર કરી લીધો હતો તથા શસ્ત્ર ધારણ કરવાથી બ્રાત્ય ક્ષત્રિય કહેવાતા હતા. નંદી શબ્દ નંદરાજ અથવા મહાપદ્મ શબ્દ નામમાં જોડાએલ નંદ શબ્દને જ ઉદબોધિત કરે છે. આ પ્રકારે નંદરાજ મહાપદ્મનંદ મગધના પૂર્વ શાસક બ્રાત્ય નંદી શિશુનાગના અભિન્ન (અલગ નહિ) રાજવંશ હોવાનું જણાય છે. બ્રાહ્મણી ગ્રંથો માં સમ્રાટ બ્રાત્ય નંદી શિશુનાગને કોઇ બ્રાહ્મણીય ક્ષત્રિય કૂળના નહિ બતાવીને શુદ્ર જ બતાવવામાં આવેલ છે.

મહાબોધિવંશ સિંઘલ લેખમાં મગધ સમ્રાટ મહાપદ્મનંદને ઉગ્રસેન પણ કહેવામાં આવ્યા છે. પુરાણો તથા સિંહાલી બન્નેના વંશાવળી લેખોમાં સમ્રાટ નન્દિવર્ધનના પછી મહાનન્દિન અને મહાપદ્મનંદ ઉગ્રસેનને મગધના સમ્રાટ (રાજા) બતાવવામાં આવ્યા છે. તેથી બંન્ને વંશાવળી મગધ સમ્રાટોને એક જ વંશાવળી બતાવે છે જેનાથી તેને અલગ રાજવંશ થી બતાવવો બધી રીતે અયોગ્ય છે.

ઉપરોક્ત બંન્ને વંશાવળીઓમાં એક થી વધુ નામોમાં સમરૂપતા મળતી હોવાની સાથે નામોનાં ક્રમમાં તફાવત છે પરંતુ બન્ને લેખ પ્રતાપી સમ્રાટ મહાપદ્મનંદ ની વંશાવળીને એક જ બતાવે છે. કારણ કે બન્ને વંશાવળીઓમાં અનુક્રમે મહાનન્દીન તથા મહાપદ્મનંદ (ઉગ્રસેન)ના પિતાના રૂપમાં નન્દિવર્ધનના નામનો ઉલ્લેખ થયેલ છે. મહાબોધિવંશમાં જયા નન્દિવર્ધનના પિતાને કાલાશોક બતાવવમાં આવ્યા છે. ત્યાં પુરાણોમાં નન્દિવર્ધનના પિતાને ઉદયન કહેવામાં આવ્યા છે પુરાણોનાં કાફવર્ણ જ મહાબોધી વંશના કાલાશોક છે. આ પ્રકારથી પ્રાચીન ભારતીય ઇતિહાસમાં સમ્રાટ મહાપદ્મનંદ નન્દિવર્ધનના પુત્ર તથા કાલાશોકના પૌત્ર ઉજાગર (જાહેર) થાય છે.

સમ્રાટ મહાપદ્મનંદ જેને નાપિત નાયી (વાળંદ) કહેવામા આવ્યા છે કોઇ વિદ્રોહ (બળવા) વગર મગધના શાસક (રાજા) બને છે તથા ૩૯ વર્ષો સુધી એક છત્ર રાજય કરે છે અને મગધને અખંડ તથા સમૃધ્ધ ભારતનો દરજજો (સ્થાન) વિશ્વમાં અપાવે છે જે એક હત્યા કરીને બનેલ શાસક દ્વારા કરેલ હોય કદાપિ સંભવ નથી. હત્યા કરીને શાસક (રાજા) બનવાની વાર્તા આધુનિક ઇતિહાસકારો દ્વારા બનાવી હોય તેવુ લાગી રહયું છે જયારે મહાપદ્મનંદ વાસ્તવિક (હકીકતમા ઉતરાધિકારી (વારસદાર)ના રૂપમાં સમ્રાટ નન્દિવર્ધનના મૃત્યુ પછી ૩૬૪ ઇ.સ.પૂર્વ માં મગધના શાસક (રાજા) બન્યા. મુદ્રારાક્ષસના અનુસાર (પ્રમા વરાજ મહાપદ્મનંદને નીચ કૂળના નહિ માનીને ઉંચ બ્રાત્ય ક્ષત્રિય તથા ઉમ રજા માનવામાં આવ્યા છે. કેટલાક ઇતિહાસકાર મહાપદ્મનંદને શિશુ નાગવંશી હોવાથી તેમને નાગ ક્ષત્રિય તથા મહાનાગ કહે છે તથા નાગોની ઉત્પતિ મહાભારત કાળના ઋષિ કશ્યપના સંતાન બતાવે છે.

**પ્રેષક : રમેશભાઈ બી. ચાવડા, ધ્રાંગધ્રા**
**મો. ૯૪૨૭૩ ૭૩૫૮૧**

## BIO -DATA




**PERSONAL DETAILS**

Name : **Riya Vijaykumar Sharma**
Date of Birth : 24/12/1997
Height : 5' 5"
Weight : 55 Kgs
Birth Place : Gandhinagar
Caste : Hindu Valand (મોટી છાછઠ)
Hobbies : Reading, Travelling etc
Education : B.Pharm (L. M. collage of Pharmacy, A'bad)
: Diploma in Chemical Laboratory Technology (Canada)
Present Status : Job in Canada
Address : K-304, Shukan Villas, Sargasan, Gandhinagar, Gujarat
Native : Mansa - Manekpur

**Family Background :**

Father : Vijaykumar Manubhai Sharma
Contact : 9825285581
Email : Unitech2004@gmail.com
Business : Electronics Factory –Unitech Enterprise (Gandhinagar)
Mother : Rashmikaben Vijaykumar Sharma
Business : Housewife
Brother : Meet Vijaykumar Sharma
Married/Unmarried: Unmarried
Education : Diploma I.T (Gandhinagar)
Mosal : Bharatkumar Parekh, Prantij

## BIO -DATA



**PERSONAL DETAILS**

Name : **Kuldeep Tribhovandas Parekh**
Native Place : Boriavi, Ta. Dist. Anand-387310
Date of Birth : 18th September 1995
Birth Place : Anand
Time of Birth : 07:45:00 PM, (Monday)
Height : 5' 5" (163 cm.)
Weight : 55 Kg.
Blood Group : A+
Education : English Medium (I.B.M. Toronto Canada)
Hobbies : Travelling, Reading & Listening Music
Current Address : 2/B, Parkview Society, 100 Ft Road, B/h. Royal Plaza, At, Anand Ta & Dist. Anand, Pin 388001 (India)

**Family Details :**

Father : Tribhovandas Natvarlal Parekh
Occupation : Principal (Retired)
Mobile : +91 9879697016
Mother : Kailashben Tribhovandas Parekh
Occupation : Teacher (Retired)
Sister : Falguni A. Sharma (M.A. B.Ed.) (Government Teacher) (Married)
Sister : Minal S. Sharma (M.A. M.Ed.) (Government Teacher) (Married)
Mosal :
Mama : Chandrakant Dhirubhai Parekh
Mama : Mahesh Dhirubhai Parekh, Satish Dhirubhai Parekh
Current Address : At. Maninagar, Ahmedabad
Permanent Address : Dharmaj, Ta. Petlad, Dist. Anand

# અવસાન નોંધ

* **ઊંઝા : રતિલાલ દ્વારકાદાસ નાયી**નું તા. ૨૭-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પાંચોટ,** જિ. મહેસાણા : **બાબુભાઈ મોહનલાલ નાયી**નું તા. ૨૮-૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **પીલુદરા,** હાલ રાયગઢ (છત્તીસગઢ) : **કાન્તાબેન પ્રહલાદભાઈ નાયી**નું તા. ૧-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રૂવાવી,** હાલ સુરત : **ચંપકભાઈ નાથાલાલ નાયી**નું તા. ૨-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મહેન્દ્રભાઈ બબલદાસ નાયી**નું તા. ૪-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભાંડુ,** હાલ પાલનપુર : **સુનિલભાઈ નારણભાઈ લિમ્બાચીયા**નું તા. ૫-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વાલમ : કેશવલાલ બબલદાસ નાયી**નું તા. ૧૧-૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ઊંઝા,** હાલ અમદાવાદ : **ચંપાબેન અમરતલાલ લિમ્બાચીયા**નું તા. ૧૧-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઊમતા,** હાલ સુરત : **કનૈયાલાલ નાગરદાસ લિમ્બાચીયા**નું તા. ૧૩-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ફતેપુરા,** હાલ હિંમતનગર : **શૈલેશકુમાર બબાભાઈ નાયી**નું તા. ૧૨-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વેડા,** તા. વિજાપુર : **ઈશ્વરભાઈ ઉમેદરામ નાયી**નું તા. ૨૦-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રણાસણ,** તા. વિજાપુર : **કમળાબેન હરેશભાઈ શર્મા**નું તા. ૨૮-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **મોતીપુરા,** તા. વિજાપુર : **કનૈયાલાલ કચરાભાઈ નાયી**નું અમેરિકા ખાતે તા. ૨-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **લાડોલ,** તા. વિજાપુર : **મનુભાઈ રામજીભાઈ નાયી**નું તા. ૧૦-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રીદ્રોલ,** માણસા : **અમૃતભાઈ કેશવલાલ પારેખ**નું તા. ૧૪-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પિલવાઈ,** વિજાપુર : **શારદાબેન મફતલાલ નાયી**નું તા. ૧૯-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ગેરીતા,** તા. વિજાપુર : **સવિતાબેન કનુભાઈ નાયી**નું તા. ૨૭-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **લાડોલ,** તા. વિજાપુર : **રતનલાલ ત્રિકમલાલ નાયી**નું તા. ૩૦-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **તાતોસણ,** તા. વિજાપુર : **અરૂણાબેન (ભગવતીબેન)** નું તા. ૧૩-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **આજોલ,** તા. વિજાપુર : **બચુભાઈ ખેમચંદ નાયી**નું તા. ૧૬-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **દામોદરીપુરા,** હાલ કડી : **જીવાભાઈ જેઠાભાઈ વાળંદ**નું તા. ૩૧-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **માડલા : અમરતભાઈ જગમાલભાઈ નાયી**નું તા. ૧-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભાભર જૂના : સમુબેન મફતલાલ નાયી**નું તા. ૨-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ખોડા : રૂખીબેન દઝાભાઈ નાયી**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **ચાળવા,** જિ. બ.કાં. : **રાજાભાઈ ભીખાજી નાયી**નું તા. ૧૭-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભોરડું : વિપુલભાઈ નાયી**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **સિરવાડા,** હાલ દિયોદર : **નરેશભાઈ મણિલાલ નાયી**નું યુવા વયે તાજેતરમાં અવસાન થયેલ છે.
* **બંધવડ,** હાલ વિજાપુર : **ધીરજભાઈ રઘુભાઈ નાયી**નું તા. ૧૯-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઈપલોડા : ધુળાભાઈ રામાભાઈ વાળંદ**નું તા. ૯-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સાદરા : ગૌરીબેન રઘુનાથ શર્મા**નું તા. ૨૨-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સરદારપુરા** (દિયોદર) : **વિક્રમભાઈ ગણપતભાઈ નાયી**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **આંબારેલી** (ધોળકા) : **અરવિંદભાઈ ઈશ્વરભાઈ વાળંદ**નું તા. ૨૩-૨-૨૪ના રોજ અવસાન થયું છે.
* **વિસનગર** હાલ ચાંદખેડા : **કાન્તાબેન અમૃતલાલ વૈદ્ય**નું તાજેતરમાં અવસાન થયેલ છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

# BIO-DATA



## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Name | : | **Priyanshu Rajendrakumar Parekh** |
| Caste | : | Hindu, Valand |
| DOB | : | 12-3-2001 |
| Height | : | 5' 6" |
| Weight | : | 61 |
| Hobbies | : | Travelling, Pooltable, Swimming |
| Live in | : | Lethbridge Alberta, Canada |
| College | : | Lethbridge College Lethbridge Alberta |
| Education | : | General Arts and Science |

## Family Details :

| | | |
|---|---|---|
| Father | : | Rajendrakumar (Popatbhai) Govindbhai Parekh |
| Occupation | : | Land Business (પ્રમુખશ્રી મોટી છાસઠ જૂથ નાયી સમાજ) |
| Mobile | : | 9998416853 |
| Mother | : | Bhavnaben R. Parekh |
| Occupation | : | Housewife |
| Brother | : | Parth R. Parekh |
| Occupation | : | Draftman Civil Engineer |
| Native | : | Uvarsad Gandhinagar |
| Residence | : | B 204, Devsharnam Society, Near Shantam Party Plot TP 9 Sargasan Cross Road, Gandhinagar |

# BIO-DATA



## PERSONAL DETAILS


| | | |
|---|---|---|
| Name | : | **Dr. Dheeraj Prashant** |
| Gender | : | Male |
| Native Place | : | Udaipur |
| Current Residence | : | Udaipur |
| Marital Status | : | Unmarried |
| Manglik | : | Partial |
| Date, Time & Place of birth | : | 10.04.1996; 3.30 PM; Udaipur |
| Height | : | 5'-8" |
| Weight | : | 78 kgs. |
| Complexion | : | Fair |
| Father's Gotra | : | Gehlot |
| Mother's Gotra | : | Dharwal |
| Education | : | MBBS, Pursuing MS (ENT) |
| Occupation / Annual Income | : | Pursuing MS (ENT); Studying : 2.50 LPA |
| Eating Habit | : | Eggetarian |
| Smoking Habit | : | |
| Drinking Habit | : | No |

## FAMILY

| | | |
|---|---|---|
| Father | : | Dr. Anurodh Prashant, Chartered Mechanical Engineer |
| Mother | : | MA, home maker |
| Brother(s) | : | NIL |
| Sister(s) | : | Chaitrali Prashant, BDS, married to MD (Pharma) settled in UK. |

## OTHER INFO:

| | | |
|---|---|---|
| Specific Requirements, if any. | : | MBBS, MD MS OR Civil service |
| Willingness to settle abroad | : | No |
| Contact Person Name / No. | : | Dr. Anurodh Prashant : 9414759018 |



# BIO-DATA

## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Name | : | **Dr. Anjani Nileshkumar Parekh** |
| DOB. | : | 23-4-2001 |
| Birth Place | : | Ahmedabad |
| Height | : | 5' 3" |
| Weight | : | 57 Kg. |
| Education | : | Done B.D.S. from Gujarat Universisty |

## Family Details

| | | |
|---|---|---|
| Father | : | Nileshbhai Kanubhai Parekh |
| Occupation | : | Business |
| Mother | : | Bhavnaben Nileshbhai Parekh (House Wife) |
| Brother | : | Lav Nileshbhai Parekh (B.C.A.) |
| Native | : | Divanpura, Mehsana |
| Address | : | A-101, Sai Platinium, Nr. Sankalp School, Amarjavan Circle Road, Nikol, Ahmedabad, Gujarat (382 350) |
| Contact | : | 8780331980 |

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2022-2024
Dt. 21-10-2021 Valid upto 31-12-2024 issued by SSPO's Ahmedabad City Division



દેહાવસાન : તા. ૭-૩-૨૩

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સાદર શ્રદ્ધાંજલિ

# સ્વ. ગોપાલભાઈ ગુલાબચંદ શર્મા

**વતન : કોટાવડ, તા. સરસ્વતી, જિ. પાટણ**
**સ્થિત : સેક્ટર નં. ૩, ગાંધીનગર**

**પૂર્વપ્રમુખ**
પાટણવાડા પરગણા નાયી સમાજ
ગુજરાત વાળંદ સેવા સંઘ, અમદાવાદ
પૂર્વટ્રસ્ટી-પ્રેરણા પ્રગતિ મંડળ, ગાંધીનગર
નિવૃત્ત હિસાબી અધિકારી-ડીએટી,
નાણાવિભાગ, ગુજરાત સરકાર

સદ્‌ભાવના, સ્નેહ, સૌમ્યતા, નીડરતા અને સત્યપ્રિયતા જેમનો સ્વભાવ હતો,
સહજતા, ઉદારતા અને કર્તવ્યપરાયણતા જેમના સદ્‌ગુણો હતા.
પરમાર્થ અને પુરુષાર્થ જેમની કર્મનિષ્ઠા હતી. પ્રમાણિકતા અને નીતિમત્તા જેમની શોભા હતી.
તેવા દિવ્ય આત્માને પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ કોટિ કોટિ વંદન...
આપની વિદાયને એક વર્ષ વીતી ગયું. છતાંય આપની મધુર યાદો સદા વસે છે અમારા હૃદયમાં, આપ હયાત નથી
એ સ્વીકારવા મન માનતું નથી.
છતાં કમને પણ જગતના આ સત્યને સ્વીકારવું પડે છે.
સરી ગયો સમય આપની સ્મૃતિઓ વાગોળતાં, વીતી ગયું વર્ષ આપનો સ્નેહ સંભારતાં,
જીવન જીવી ગયા પ્રસરાવી સુવાસ સત્કાર્યો તણી, થયા ભલે દેહથી વિમુખ હૃદયથી છો સદા સન્મુખ
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**પ્રેમાળ સ્મૃતિમાં**

**ગં. સ્વ. પુષ્પાબેન ગોપાલભાઈ શર્મા**

| | |
|---|---|
| નયનભાઈ ગોપાલભાઈ શર્મા | તૃપ્તિબેન રાજેશકુમાર શર્મા |
| દિશાંક રાજેશકુમાર શર્મા | હીનાબેન નયનકુમાર શર્મા |
| દેવાંશ નયનકુમાર શર્મા | દિવ્યા દિશાંકકુમાર શર્મા |
| શૈલેષકુમાર ચંદુલાલ લિંબચિયા | ભારતીબેન શૈલેષકુમાર લિંબચિયા |

Printed & Published by BALUBHAI BABABHAI PAREKH on behalf of SHREE GUJARAT VALAND SEVA SANGH and Printed at NAVPRABHAT PRINTING PRESS, 9, Punaji Industrial Estate, Dhobighat Cross Road, Dudheswar, Ahmedabad-380004, and Published from VALAND VIKAS Karyalaya, Gulbai Tekra, Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - JAYANTIBHAI KARSHANBHAI LIMBACHIYA